પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૧-૧૧-૨૦૨૪- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૮૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# યુદ્ધનો તાકીદે અંત લાવવા પુટીનને તાકીદ કરતા ટ્રમ્પ


## પ્રમુખપદે ચુંટાયાના પ્રથમ સપ્તાહમાં જ ડોનાલ્ડ ટ્રમ્પ એક્શનમાં આવી ગયા : 'યુરોપમાં અમેરિકી સૈન્ય મૌજૂદ છે ભુલશો નહીં' તેમ ટ્રમ્પે પુતીનને ટેલીફોનીક ચર્ચામાં જણાવ્યું

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકાના પ્રેસીડેન્ટ- ઈલેકટ- ડોનાલ્ડ ટ્રમ્પે હવે શપથવિધિ પુર્વે જ રશિયા-યુક્રેન યુદ્ધને ખત્મ કરવાની જવાબદારી સંભાળીને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન સાથે ટેલીફોનીક વાતચીત કરીને યુદ્ધનો તાત્કાલીક અંત લાવવા તાકીદ કરી હતી.

પ્રમુખપદે ચુંટાયા બાદ બન્ને રાષ્ટ્રવડાઓ વચ્ચે આ પ્રથમ ટેલીફોનીક વાતચીત હતી અને ટ્રમ્પે તેમાં પોતાના આક્રમક મિજાજનો પરિચય આપતા યુદ્ધને હવે વધુ ઉગ્ર નહી બનાવવા જણાવીને એ પણ ધમકી આપી હતી કે ટ્રમ્પે એ ભુલવુ જોઈએ નહી કે યુરોપમાં અમેરિકી સૈન્ય મોજૂદ છે.

ફલોરીડા ખાતેના પોતાના માર એ લોગો રીસોર્ટ વ્યક્ત કરી ટ્રમ્પે રશિયન પ્રમુખ સાથે વાતચીત કરી હતી અને પુટીનને યુદ્ધનો હલ શોધવા અપીલ કરી




હતી. આ અગાઉ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદીમીર જેલેસ્કી સાથે વાતચીત કરી હતી.

જેમાં ટ્રમ્પના ખાસ મિત્ર એલન મસ્ક પણ સામેલ થયા હતા. ઝેલેસ્કીએ ટ્રમ્પ સાથેની વાતચીતને ખૂબજ શાનદાર ગણાવી હતી. શ્રી ટ્રમ્પ અગાઉ જ જાહેર કરી ચૂકયા છે કે તેઓ પ્રમુખ બનતા જ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવશે તેવી ખાતરી આપી હતી.

તો બીજી તરફ હવે યુક્રેનને આંધળો ટેકો આપવાના અને અબજો ડોલરની મદદ આપવાના પણ વિરોધમાં અમેરિકી ડિપ્લોમેટીક નિષ્ણાંતો માને છે કે ટ્રમ્પ આ યુદ્ધ ખત્મ કરી શકે છે.

બાઈડન તંત્રના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલીવાને પણ હાલમાં જ કહ્યું હતું કે યુદ્ધમાં યુક્રેન હાલ શ્રેષ્ઠ પોઝીશનમાં છે. બીજી તરફ ટ્રમ્પ-પુટીન

અનુસંધાન પાના ૭ પર

## દિલ્હીમાં કેનેડા દુતાવાસ સામે વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી,તા. ૧૧

કેનેડાના બ્રેમ્પ્ટન સ્થિત મંદિર પર થયેલા હુમલાના વિરોધમાં ભારતમાં કેનેડા વિરૂધ્ધ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલાના વિરોધમાં દિલ્હીના ચાણકયપુરી સ્થિત કેનેડા દુતાવાસ પર લોકોએ દેખાવો કર્યા હતા. કેનેડા સ્થિત દુતાવાસ તરફ જઈ રહેલા હિન્દુ શીખ ગ્લોબલ ફોરમના લોકોને પોલીસે તીનમુર્તિ માર્ગ પર રોકી લીધા હતા. ત્યારબાદ દેખાવકારો પોલીસની બેરીકેડ પર ચડી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, બ્રેમ્પ્ટન સ્થિત મંદિરમાં લોકો પૂજા કરી રહ્યા હતા ત્યારે હુમલાની ઘટના બની હતી.

## ચાર ધામમાં અત્યાર સુધી ૪૬ લાખ જેટલા શ્રદ્ધાળુઓ નોંધાયા

### ભૂસ્ખલન અને વરસાદના કારણે શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટી

નવી દિલ્હી,તા. ૧૧

ઉત્તરાખંડના ચાર ધામના કપાટ શિયાળા માટે બંધ થવા લાગ્યા છે, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પૂર્ણ થઈ ગઈ છે. ૧૭મી નવેમ્બરે બદ્રીનાથ ધામના કપાટ બંધ થવાની સાથે યાત્રાનો સમય પૂર્ણ થશે. અત્યાર સુધીમાં ૪૬.૭૪ લાખ શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કર્યા છે.

આ વર્ષે ચારધામ જનારા યાત્રિકોની સંખ્યામાં ૧૦ લાખથી વધુનો ઘટાડો નોંધાયો હતો. આનું કારણ વરસાદને કારણે ભૂસ્ખલન જેવી દુર્ઘટનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આ વખતે ચારધામ યાત્રાના રૂટ પર વધુ ૨૦ દિવસ વરસાદ રહ્યો હતો. જેના કારણે સામાન્ય કરતાં ૧૨% વધુ વરસાદ નોંધાયો હતો.

સામાન્ય રીતે ૧૧૨૧ મીમી વરસાદ નોંધાય છે પરંતુ આ વખતે ૧૨૩૦ મીમી વરસાદ પડ્યો હતો. ૨૦૨૩માં યાત્રીઓની સંખ્યા ૫૬ લાખથી વધુ હતી જે પ્રવાસના ઈતિહાસમાં સૌથી વધુ મુસાફરોનો રેકોર્ડ છે.

કેદારનાથ માર્ગ એક મહિના સુધી બંધ રહ્યો હતો મેથી જુલાઈના મધ્ય સુધીમાં લગભગ ૩૧ લાખ શ્રદ્ધાળુઓએ ચાર ધામની મુલાકાત લીધી હતી ત્યાર બાદ ભારે વરસાદને કારણે કુદરતી આફતોએ વિનાશ વેર્યો હતો. ૩૧ જુલાઈની રાત્રે કેદારનાથ પગપાળા માર્ગ પર વાદળ ફાટ્યા બાદ સોન પ્રયાગ નજીક હાઈવેનો લગભગ ૧૫૦ મીટરનો ભાગ બંધ થઈ ગયો હતો. હાઈવે ફરીથી તૈયાર થતાં એક મહિના કરતાં વધુ સમય લાગ્યો હતો.

૧૬ લાખ શ્રદ્ધાળુ કેદારનાથ પહોંચ્યા, ૧૨ લાખ બદ્રીનાથ પહોંચ્યા ચાર ધામમાં સૌથી વધુ શ્રદ્ધાળુ કેદારનાથ પહોંચી રહ્યા છે. આ વર્ષે ૧૬.૫૨ લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથની મુલાકાત લીધી હતી. જ્યારે ૧૨.૯૮ લાખ

અનુસંધાન પાના ૭ પર

## કિશ્તવાડના કેશવાનમાં સુરક્ષા દળો દ્વારા મોટું સર્ચ ઓપરેશન

### ગાઢ જંગલમાં ચાર આતંકીઓ છુપાયા હોવાની બાતમી

જમ્મુ,તા. ૧૧

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના કેશવાન અને તેની આસપાસના વિસ્તારોના ગાઢ જંગલોમાં સુરક્ષા દળોએ સોમવારે સવારે ફરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

રવિવારે અહીં ૩-૪ આતંકીઓ છુપાયા હોવાના સમાચાર મળ્યા હતા, ત્યારબાદ સેનાએ શોધખોળ કરી અને આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. ગોળીબાર ચાર કલાકથી વધુ સમય સુધી ચાલ્યો હતો. જવાબી કાર્યવાહી દરમિયાન પેરા સ્પેશિયલ ફોર્સના ૪ જવાનો ઘાયલ થયા હતા. નાયબ સુબેદાર રાકેશ કુમાર સારવાર દરમિયાન શહીદ થયા હતા. સેનાના જણાવ્યા અનુસાર કેશવાન ફોરેસ્ટમાં છુપાયેલા આતંકીઓ કાશ્મીર ટાઈગર્સ ગ્રુપના છે. આ લોકોએ જ ૭મી નવેમ્બરે ૨ વિલેજ ગાર્ડની હત્યા કરી હતી.

છેલ્લા ૨ દિવસમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ૩ એન્કાઉન્ટર થયા છે. નવેમ્બરના ૧૦ દિવસમાં સેનાએ ૮ આતંકીઓને ઠાર કર્યા છે. સોપોરમાં ૮ નવેમ્બરે બે આતંકવાદીઓ માર્યા ગયા હતા અને ૯ નવેમ્બરે એક આતંકવાદી માર્યો ગયો હતો. આ વિસ્તારોમાં સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે.


## અમેરિકાની ટસ્કેગી યુનિવર્સીટીમાં ગોળીબારમાં ૧નું મોત, ૧૬ ઘાયલ

### આડેધડ ફાયરિંગ કરનાર યુવકને પોલીસે ઝડપી પાડયો

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા બાદ પણ ફાયરિંગની ઘટનાઓ અટકી રહી નથી. વહેલી સવારે અલાબામાની ટસ્કેગી યુનિવર્સિટીમાં આડેધડ ગોળીબાર કરાયાની ઘટના સામે આવી છે. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, ગોળીબારમાં મૃત્યુ પામેલો ૧૮ વર્ષીય યુવાન યુનિવર્સિટીનો વિદ્યાર્થી નહોતો, પરંતુ ઘાયલોમાં



યુનિવર્સિટીના ઘણાં વિદ્યાર્થીઓ સામેલ છે. હુમલાખોરની ધરપકડ કરી લેવામાં આવી છે. આ ફાયરિંગની ઘટનામાં કુલ ૧૨ લોકો ઘાયલ થયા હતા જ્યારે અન્ય ચાર અફરાતફરીમાં ઘાયલ થયા હતા.

ટસ્કેગી યુનિવર્સિટીએ એક નિવેદનમાં કહ્યું કે, ગોળીબારમાં મૃત્યુ પામેલા વ્યક્તિના માતા-

અનુસંધાન પાના ૭ પર

## પૂણેમાંથી ચૂંટણીપંચની ટુકડીએ સાડા છ ટન ચાંદી ઝડપી પાડી

### આચાર સંહિતા દરમિયાન વાહનોનું કડક ચેકીંગ

પૂણે,તા. ૧૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચની ટીમો અને પોલીસ નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે, આચારસંહિતા લાગુ થયા બાદ ૮ નવેમ્બર સુધી ૨૮૦ કરોડ રૂપિયાથી વધુની રોકડ અને કિંમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓ અને વિધાનસભા મતવિસ્તારોમાં વાહનોની તપાસ કરીને પોલીસ દ્વારા કિંમતી વસ્તુઓ અને રોકડ જપ્ત કરવામાં આવી છે. થોડા દિવસો પહેલા પુણે શહેરમાં પોલીસે એક વાન પકડી હતી. તેમાં સોના-ચાંદીના દાગીના અને કીમતી ચીજવસ્તુઓ હતી.

જે બાદ હવે પોલીસે મુંબઈમાં ચાંદીની ઈંટો ભરેલી વાન પકડી છે. વિક્રોલી પોલીસ અને ચૂંટણી પંચની ટીમ દ્વારા જપ્ત કરાયેલી કેશ વાનમાંથી ચાંદીની ઈંટો મળી આવી છે. રસપ્રદ વાત એ છે કે, આ ઈંટોનું વજન કુલ સાડા છ ટન છે.

વાનમાં કરોડોની કિંમતની ચાંદીની ઈંટો કથિત રીતે બ્રિન્કસ

અનુસંધાન પાના ૭ પર

## ચીફ જસ્ટીસ તરીકે સંજીવ ખન્નાને શપથ ગ્રહણ કરાવતા રાષ્ટ્રપતિ મુર્મુ

### ભારતના ૫૧મા ચિફ જસ્ટીસ બનતા સંજીવ ખન્ના

નવી દિલ્હી,તા. ૧૧

જસ્ટિસ સંજીવ ખન્ના દેશના ૫૧માં ચીફ જસ્ટિસ બની ગયા છે. સોમવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને શપથ લેવડાવ્યા હતા. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડ ૧૦ નવેમ્બરના રોજ નિવૃત્ત થયા હતા.

ઉલ્લેખનીય છે કે જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ માત્ર ૬ મહિનાનો રહેશે. ૬૪ વર્ષીય જસ્ટિસ ખન્ના ૧૩ મે, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે. સુપ્રીમ કોર્ટના જજ તરીકે જસ્ટિસ ખન્નાએ ૬૫ ચુકાદાઓ લખ્યા છે. આ સમયગાળા દરમિયાન તેઓ લગભગ ૨૭૫ બેન્ચમાં સામેલ રહ્યા છે. જસ્ટિસ



સંજીવના કાકા જસ્ટિસ હંસરાજ ખન્ના પણ સુપ્રીમ કોર્ટમાં જજ હતા. જો કે સિનિયર હોવા છતાં ઈન્દિરા સરકારની ઈમરજન્સીના વિરોધને કારણે તેમને ચીફ જસ્ટિસ બનાવવામાં આવ્યા ન હતા. તેમની જગ્યાએ જસ્ટિસ એમએચ બેગને CJI બનાવવામાં આવ્યા હતા. આના વિરોધમાં જસ્ટિસ હંસરાજે સુપ્રીમ કોર્ટના જજ પદેથી રાજીનામું આપી દીધું હતું.

સંજીવ ખન્નાનો વારસો વકિલાતનો રહ્યો છે. તેમના પિતા દેવરાજ ખન્ના દિલ્હી હાઈકોર્ટના જજ રહી ચૂક્યા છે. જ્યારે કાકા

અનુસંધાન પાના ૭ પર

## પ્રયાગના કુંભ મેળામાં પોલીસ નાના જહાજનો ઉપયોગ કરશે

### સુરક્ષા માટે આધુનિક ટેક્નોલોજી સાથે જેટ સ્કી તૈનાત રહેશે

પ્રયાગરાજ,તા. ૧૧

આગામી ૨૦૨૫માં યોજાનાર મહાકુંભને લઈને કરોડો શ્રધ્ધાળુઓની સુરક્ષા માટે આ વખતે જલ પોલીસ અત્યાધુનિક સાધનોથી સજ્જ રહેશે. સ્નાન દરમ્યાન કોઈપણ પ્રકારની અપ્રિય ઘટનાને રોકવા માટે પહેલીવાર જલ પોલીસને નાના જહાજ તરીકે ઓળખાતા જેટ સ્કીથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

આ હાઈટેક જેટ સ્કી આંખના પલકારામાં જ કયાંય પણ પહોંચવામાં સક્ષમ છે. જલપોલીસનાં ઈન્ચાર્જ જનાર્દન પ્રસાદ સાહનીએ જણાવ્યું હતું કે ૨૫ હાઈટેક જેટ સ્કીની માંગ કરાઈ છે. જે ડીસેમ્બર સુધીમાં પોલીસમાં સામેલ થઈ જશે. આ જેટ સ્કી ખૂબ જ દુર પર સ્નાનાર્થીઓની મદદમાં મિનિટોમાં પહોંચીને તેને બચાવવામાં સક્ષમ રહેશે.

સૌથી ખાસ વાત એ છે કે તેની ઝડપ કલાકનાં ૭૦ કિલોમીટર છે.

જેટ સ્કીમાં એક શકિતશાળી એન્જીન લગાવાયેલુ હોય છે. તે પાણીને અંદર ખેંચે છે અને એ સાથે જ બહાર ફેંકે છે. મહાકુંભમાં જરૂરીયાતના હિસાબે તે ઘણુ

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાના વિઝાનો વેઈટીંગ પિરિયડ ૫૦૦ દિવસનો થયો

### અનેક પગલા છતા એપોઈન્ટમેન્ટ સમયમાં સતત વધારો

મુંબઈ,તા. ૧૧

અમેરિકાના વિઝાને લગતી સમસ્યાઓનો કોઈ અંત નથી આવ્યો અને સમસ્યા વધતી જ જાય છે. વેકેશન અથવા બિઝનેસ યુએસ કોન્સ્યુલેટમાં વારો જ આવે તેમ નથી. કોલકાતાના યુએસ કોન્સ્યુલેટમાં કોઈએ એપોઈન્ટમેન્ટ લેવી હોય તો ૫૦૦ દિવસનું વેઈટિંગ ચાલે છે.

છેલ્લા એક વર્ષમાં વિઝાનો વેઈટ પિરિયડ ઘટાડવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. યુએસ કોન્સ્યુલેટમાં સ્ટાફ વધારવામાં આવ્યો છે અને કેટલીક વખત તો રજાના દિવસે પણ કામ થાય છે. છતાં વેઈટિંગનો પિરિયડ હજુ ઉભો જ છે. અમેરિકન વિઝા માટે વેઈટ પિરિયડ હજુ નોર્મલ નથી થયો.

વર્ષ ૨૦૨૩માં ભારતીયોના ૧૪ લાખ વિઝા પ્રોસેસ કરવામાં આવ્યા હતા જે અત્યાર સુધીની સૌથી ઊંચી સંખ્યા છે. આ દરમિયાન વિઝિટર વિઝાના વેઈટ પિરિયડમાં ૭૫ ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં અલગ અલગ અમેરિકન કોન્સ્યુલેટ પર બી૧ અને બી૨ વિઝા માટેનો વેઈટ પિરિયડ અલગ અલગ છે. હાલમાં કોલકાતમાં જેમણે અરજી કરી હોય તેમણે સૌથી વધુ ૫૦૦ દિવસની રાહ જોવી પડે છે. બીજા શહેરોમાં પણ વેઈટિંગ ચાલે છે પણ કોલકાતા જેટલી રાહ જોવી પડતી નથી. ચેન્નાઈમાં અત્યારે ૪૮૬ દિવસનો પ્રોસેસિંગ ટાઈમ ચાલે છે. મુંબઈમાં વિઝાની એપોઈન્ટમેન્ટ માટે ૪૨૭ દિવસનું વેઈટિંગ ચાલે છે, દિલ્હી અને હૈદરાબાદમાં પણ સ્થિતિ સારી નથી. દિલ્હીમાં ૪૩૨ દિવસ લાગી જાય છે જ્યારે હૈદરાબાદમાં ૪૩૫ દિવસ લાગી જાય છે. એક વાત નોંધવી જરૂરી છે કે ઈન્ટરવ્યૂ વેઈવર વિઝિટર વિઝા માટે એટલો બધો સમય નથી લાગતો. દિલ્હીમાં આવા વિઝિટર વિઝા માટે વેઈટ ટાઈમ ૧૪ દિવસનો છે જ્યારે કોલકાતામાં તે ૧૩ દિવસ છે.

## અપીલ પેન્ડીંગ હોય તો ટેક્સ રિકવરી ન થઈ શકે : હાઈકોર્ટ

### આવકવેરાના કેસમાં ગુજરાત હાઈકોર્ટે કરદાતાઓની તરફેણમાં આપેલો સ્ટે

અમદાવાદ,તા. ૧૧

આવકવેરા કરદાતાની અપીલ પેન્ડીંગ હોય તો જુના લેણાની રિકવરી ન થઈ શકે તેવી તારણ દર્શાવીને ગુજરાત હાઈકોર્ટે ઈન્કમટેક્સ પર વસુલાત કરવા સામે રોક લગાવી હતી. પાંચ લાખ અપીલનો ભરાવો ઘટાડવા માટે આવકવેરા વિભાગનાં જવાબથી હાઈકોર્ટને સંતોષ થતો ન હતો.

રાજયની પાંચ કરદાતા કંપનીઓએ આવકવેરા વિભાગની ટેકસ આકારણી સામે કમિશ્નર ઓફ ઈન્કમટેકસ (અપીલ) સમક્ષ અપીલ કરી હતી. ચાર વર્ષથી તે પેન્ડીગ છે છતા તંત્ર દ્વારા ટેકસ વસુલાત માટે દબાણ કરવામાં આવતા હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી.

હાઈકોર્ટે અગાઉ કંપનીઓને બેંક ખાતાનાં ઉપયોગની છૂટ આપી હતી છતા અપીલ પ્રક્રિયામાં કોઈ ખાસ પ્રગતિ થઈ નથી. આવકવેરા વિભાગે અદાલતમાં એમ કહ્યું કે ૫.૮ લાખ અપીલના કેસો પેન્ડીગ છે.

તેમાંથી ૩.૯ લાખ કેસલેસ સીસ્ટમ હેઠળ છે. કેસોનો ભરાવો રોકવા માટે નકકર આયોજન વિશે

અનુસંધાન પાના ૭ પર

## કોંગ્રેસ દ્વારા મહારાષ્ટ્રમાં ચૂંટણી લડતા ૨૮ બળવાખોર નેતાઓની હકાલપટ્ટી

### અપક્ષ ચૂંટણી લડતા તમામ નેતાઓ કોંગ્રેસમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

મુંબઈ,તા. ૧૧

મહારાષ્ટ્ર કોંગ્રેસે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા ૨૮ બળવાખોર ઉમેદવારો સામે કડક એક્શન લેતાં તેમને છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. આ બળવાખોરોએ ૨૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી મહાવિકાસ અઘાડીના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી માટે ઝંપલાવી દીધું હતું.

કોંગ્રેસની ગાજ જે નેતાઓ પર પડી છે તેમાં પૂર્વ મંત્રી રાજેન્દ્ર મુલક (રામટેક મતવિસ્તાર), યાજ્ઞવલ્ક જીચકર (કાટોલ), કમલ વ્યવહારે (કસબા), મનોજ શિંદે (કોપરી પચપખાડી) અને આબા બાગુલ ઉપરાંત અન્યો સામેલ છે. કોંગ્રેસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ નિર્ણય AICC ઈન્ચાર્જ રમેશ ચેન્નીથલાના નિર્દેશ પર લેવામાં આવ્યો છે.

કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરાયેલા નેતાઓમાં શામકાંત સનેર, રાજેન્દ્ર ઠાકુર, મનીષ આનંદ, સુરેશ કુમાર જેથલિયા, કલ્યાણ બોરાડે અને ચંદ્રપોલ ચૌકસી પણ સામેલ છે. અગાઉ પણ પાર્ટીએ ૨૧ જેટલાં બળવાખોરોને સસ્પેન્ડ કર્યા હતા. જેની સાથે ૨૨ મતવિસ્તારમાં સસ્પેન્ડ થનારા નેતાઓની સંખ્યા કુલ ૨૮ થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, આ સસ્પેન્ડ કરાયેલા ઉમેદવારો મહા વિકાસ અઘાડીના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી લડી રહ્યા છે. અગાઉ, કોંગ્રેસના નેતા રમેશ ચેન્નીથલાએ કહ્યું હતું કે સત્તાવાર સ્ફછ ઉમેદવારો સામે લડતા તમામ પક્ષના બળવાખોરોને છ વર્ષના સસ્પેન્શનનો સામનો કરવો પડશે.



# સિક્કીમની બે મૃતક યુવતીઓને શ્રદ્ધાંજલી અપર્ણ કરતી કોંગ્રેસ

સુરત, તા.૧૧

જીમ-૧૧માં મોતને ભેટેલી કમભાગી સિક્કીમની મહિલાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે સુરત શહેર કોંગ્રેસ દ્વારા અઠવાગેટ સ્થિત કેન્ડલ પ્રગટાવીને ભાવાંજલિ પ્રગટ કરવામાં આવી હતી.

બે દિવસ પૂર્વે સિટીલાઈટસ્થિત શિવપૂજા એપાર્ટમેન્ટના ત્રીજા માળે લાગેલી ભયંકર આગમાં જીમ-૧૧ અને સ્પામાં કામ કરતી બે સિક્કીમની યુવતીઓનું અકાળે અવસાન થયું હતું. ફાયર સેફ્ટીના અધિકારીઓની ગુનાહિત બેદરકારીને કારણે મોતને ભેટેલી યુવતીઓ પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરવામાં કંજુસી કરનાર ભાજપ સરકાર સામે પસ્તાળ પાડતા કોંગ્રેસે જવાબદારો સામે સખત કાર્યવાહી કરવાની માંગ કરી છે. શિવપૂજા એપાર્ટમેન્ટના માલિક કમ બિલ્ડર અનિલ રૂંગટા સામે કાર્યવાહીના કરવાની માંગ સાથે કોંગ્રેસે કેન્ડલ પ્રગટાવીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. તેમજ જવાબદારો સામે આકરી કાર્યવાહી કરવા માંગ કરી હતી. આ સાથે જ સુરતના વિવિધ મોલ અને બિઝનેશ હબમાં કામ કરતાં સિક્કીમના યુવાનોએ પણ અઠવાગેટ સ્થિત કોંગ્રેસના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને કોંગ્રેસને ધન્યવાદ આપીને મૃતક યુવતીઓને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# કોચિંગ સહાય યોજનાનો લાભ લેવા વિદ્યાર્થીઓને અનુરોધ

## કોચિંગ સહાય હેઠળ રૂા.૨૦ હજારની સહાય મળવાપાત્ર થશે

સુરત, તા.૧૧

સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓ માટે ત્રણ કોચિંગ સહાય યોજનાનો લાભ લેવા માટે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા (વર્ગ-૧, ૨ અને ૩)ની પૂર્વ તૈયારી માટે તાલીમ લેનારા ઉમેદવારોને કોચિંગ સહાય મળશે. અન્ય કોચીંગ સહાયમાં ઉમેદવારો નીટ, જેઈઈ, ગુજકેટ જેવી પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચિંગ સહાય મળશે. ત્રીજી કોચીંગ સહાય હેઠળ આઈ.આઈ.એમ., સી.ઈ.પી.ટી., નિફ્ટ, એન.એલ.યુ. જેવી ઓલ ઈન્ડીયા લેવલની પરીક્ષાઓ તથા વિદેશ જવા માટેની પરીક્ષાની તૈયારીઓ માટે સહાય મળશે. ઉપરોકત ત્રણેય કોચિંગ સહાય માટે તાલીમાર્થીઓને પ્રોત્સાહન સહાય માટે રૂ.૨૦,૦૦૦ અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે મળવા પાત્ર થશે.

સહાય મેળવવા માટે ઉમેદવારોએ તા.૧૧/૧૧/૨૦૨૪ થી તા.૧૧/૧૨/૨૦૨૪ સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે. પોર્ટલ પર અરજી કર્યા બાદ તેની નકલ સાથે ઓનલાઈન અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ્સની નકલ બિડાણ કરી વિદ્યાર્થી/તાલીમાર્થી જે સંસ્થામાં તાલીમ મેળવતા હોય તે માટે સુરત જિલ્લામાં આવેલ જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)ની કચેરીએ તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીમાં જમા કરાવવાના રહેશે. ઓનલાઈન અરજી કર્યાના તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી/તાલીમાર્થીનું કોચિંગ

અનુસંધાન પાના ૭ પર

# પીએમ ઈન્ટર્નશીપ યોજનામાં દેશની ટોચની કંપનીઓમાં તાલીમ મળશે

## ઈન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીને માસિક ૫૦૦૦નું ભથ્થું અપાશે

સુરત, તા.૧૧

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ૨૧ થી ૨૪ વર્ષની વયજૂથના યુવકો માટે પીએમ ઈન્ટર્નશીપ યોજના ૨૦૨૪ શરૂ કરવામાં આવી છે. સુરત જિલ્લાના ઈચ્છુક ઉમેદવારોએ તા.૧૦ નવેમ્બર સુધીમાં www. pminternship. mca.gov.in પર ઓનલાઈન અરજી કરી રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ યોજના અંતર્ગત યુવાઓને ભારતની અગ્રગણ્ય ૫૦૦ કંપનીઓમાં ૧૨ મહિના માટે કામ કરવાનો અવસર અને અનુભવ મળશે. આ યોજના અંતર્ગત ઈન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીને રૂ.૫૦૦૦ પ્રતિ માસ મળવાપાત્ર રહેશે.

આ યોજનામાં જોડાવા માંગતા વિદ્યાર્થીની ઉંમર ૨૧ થી ૨૪ વર્ષ (૭ નવેમ્બર ૨૦૦૦ થી ૯ નવેમ્બર ૨૦૦૩ વચ્ચે જન્મેલા) હોવી જોઈએ. આ ઈન્ટર્નશીપ યોજનામાં જોડાવા માટે ઉમેદવારોએ તા.૧૦ નવેમ્બર સુધીમાં પર ઓનલાઈન અરજી કરી રજીસ્ટ્રેશન કરાવી શકશે. ઉમેદવારના કુટુંબમાંથી કોઈ સરકારી નોકરીમાં ન હોવા જોઈએ.

ઉમેદવારના કુટુંબમાં કોઈ સભ્યની નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની વાર્ષિક આવક ૮ લાખથી વધુ ન હોવી જોઈએ. વિદ્યાર્થી એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ગ્રેજ્યુએટ કે ડીપ્લોમાં પાસ આઉટ થયેલા ઉમેદવારો રજીસ્ટ્રેશન કરી શકશે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, નાનપુરા ખાતે સંપર્ક સાધવા સુરતના મદદનિશ નિયામક(રોજગાર)ની યાદીમાં જણાવાયું છે



# સફેદ નશાના કાળા કારોબાર માટે રેડ કાર્પેટ બનતું ભરૂચ

## ૪ વર્ષમાં રૂ.૮ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ભરૂચ, તા.૧૧

ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસની સાથોસાથ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પણ ફૂલી ખાલી રહી છે. ભરૂચ જાણે સફેદ નશામાં કાળો કારોબાર એટલે કે ડ્રગ્સના ગોરખધંધાનો હબ બની રહ્યું છે. એક અંદાજ મુજબ ભરૂચ જિલ્લામાંથી છેલ્લા ચાર વર્ષ દરમિયાન રૂ.૮ હજાર કરોડથી વધુની કિંમતનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે ત્યારે આ બેલગામ કાળા વેપાર પર લગામ કસવા પોલીસ પણ કમર કસી રહી છે.ઔદ્યોગિક દ્રષ્ટિએ હરણફાળ ભરી રહેલો ભરૂચ જિલ્લો હવે ડ્રગ્સના ઉત્પાદન અને તેની હેરાફેરી માટે પણ નશાના માફિયાઓ માટે અનુકૂળ બની રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા ટૂંકા ગાળાના સમયમાં જ ભરૂચ જિલ્લામાંથી ડ્રગ્સ ઉત્પાદન કરતી કંપનીઓ સાથે ડ્રગની હેરાફેરીના અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.જીવન રક્ષક દવાઓના ઉત્પાદનની આડમાં સફેદ નશાના કાળો કારોબાર ફુલયો ફાલ્યો છે.ભરૂચ જિલ્લામાં છેલ્લા ૪ વર્ષમાં જ અંદાજે રૂ.૮ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપાયું છે જે દેશમાં ડ્રગ્સના વધી રહેલાં સેવન તરફ ઈશારો કરી રહયું છે. પહેલાં મેટ્રો સીટી સિમિત રહેલો ડ્રગ્સનો વેપલો નાના શહેરો અને ગામડાઓ સુધી પહોંચી ગયો છે.

# સુરતમાં લેન્સકાર્ટના સૌથી મોટા સ્ટોરનો આરંભ કરાયો

## લેન્સકાર્ટે ગુજરાતમાં હાજરી વિસ્તારી

સુરત, તા.૧૧

ભારતની અગ્રણી ઓમ્નીચેનલ આઈવેર બ્રાન્ડ લેન્સકાર્ટ વેસુમાં વીઆઈપી રોડ ખાતે આવેલા સુરતમાં તેના ૨૦મા સ્ટોરના ભવ્ય શુભારંભ સાથે એક મોટા સીમાચિહ્નની ઊજવણી કરે છે. આ નવો સ્ટોર ગુજરાતમાં લેન્સકાર્ટનું સૌથી મોટું આઉટલેટ છે. ૨,૦૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં ફેલાયેલો આ સ્ટોર આ પ્રદેશમાં આઈવેર રિટેલ માટે નવા ધોરણો સ્થાપિત કરે છે. ઈમર્સિવ શોપિંગ અનુભવ પૂરો પાડવા માટે તૈયાર થયેલો આ સ્ટોર તમામ વયજૂથના, સ્ટાઈલ ધરાવતા અને હસ્તીઓ માટે આઈગ્લાસીસ, સનગ્લાસીસ અને કોન્ટેક્ટ લેન્સ સહિત વિશાળ રેન્જના આઈવેર પૂરા પાડે છે. ગ્રાહકોને અહીં લેટેસ્ટ ટ્રેન્ડ્સ અને એક્સક્લુઝિવ કલેક્શન્સ જોવા મળશે. આ ઉપરાંત આંખોની મફત તપાસ અને રિપેરિંગ જેવી વધારાની સેવાઓ પણ મળશે જે લેન્સકાર્ટની ગુણવત્તા અને સુલભતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ભવ્ય ઉદ્ઘાટનમાં ઈશા કંસારા અને શ્રદ્ધા ડાંગર જેવી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. તેમની સાથે લેન્સકાર્ટના સર્કલ હેડ શૈલ પટેલ અને ઝોનલ મેનેજર ચિંતન અદેશરા પણ જોડાયા હતા અને લોન્ચિંગની ઊજવણી તથા ગ્રાહકો સાથે ચર્ચાઓ કરી હતી.

# શુક્લતીર્થ ગામમાં સાત દિવસીય ભાતીગળ મેળાનું ભવ્ય આયોજન

ભરૂચ, તા.૧૧

ભરૂચથી૧૭ કિલોમીટરના અંતરે આવેલ શુક્લતીર્થ ગામ ખાતે કારતકી અગિયારસના દિવસથી ૭ દિવસીય ભાતીગળ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે શુક્લતીર્થ ગ્રામ પંચાયત તેમજ વહીવટી તંત્ર દ્વારા મેળાની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

ભરૂચ તાલુકાના શુકલતીર્થ ખાતે તા. ૧૨ નવેમ્બરથી યોજનારભાતીગળ મેળાને અનુલક્ષીને તડામાર તૈયારીઓ શુકલતીર્થ પંચાયત દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. મેળા દરમ્યાન પંચાયત દ્વારા ૬૦૦થી વધુ પ્લોટોની ફાળવણી કરી લાઈટ, પાણી, સીસીટીવી કેમેરા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે. મેળામાં ચગડોળ સહિતના મનોરંજનના સાધનોની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. મેળાની મજા માણવા રાજ્યભરમાંથી લોકો ઉમટી પડશે, ત્યારે શુકલતીર્થ ગ્રામ પંચાયત અને વહીવટી તંત્ર દ્વારા ભાતીગળ મેળાની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

શુકલતીર્થગામે કારતક સુદની કારતકી અગિયારસના દિવસથી પૌરાણિક જાત્રાને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શુકલતીર્થ ગામમાં સ્વયંભૂ વિષ્ણુ ભગવાનની પ્રતિમા તેમજ શુકલેશ્વર મહાદેવનું પૌરાણિક મંદિર આવેલું છે. એક પટકથા અનુસાર, ભગવાન શ્રી હરિ સવારે બાળક અવસ્થામાં, બપોરે યુવા અવસ્થા તેમજ સાંજે વૃદ્ધ અવસ્થામાં ભક્તોને દર્શન આપે છે. આજે પણ આ મૂર્તિમાં ૩ અવસ્થામાં ભગવાન દર્શન આપતા હોવાની માન્યતા છે. દર કારતક સુદ પુનમના રોજ ભગવાન વિષ્ણુનો જન્મ દિવસ હોવાથી શુકલતીર્થમાં ભવ્ય ભાતીગળ મેળો યોજાય છે. તો બીજી પટકથા અનુસાર, રાજા ચાણક્યને ઉમાપતિની આરાધના કર્યા બાદ શુકલતીર્થ ખાતે મોક્ષની

અનુસંધાન પાના ૭ પર

# ડીંડોલીમાંથી ઝડપાયેલા ચોરને લોકોએ મેથીપાક ચખાડ્યો

## લોકોએ ચોરને રંગેહાથ પકડી પોલીસને હવાલે કરી દીધો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

મોટે ભાગે તસ્કરો શિયાળાના સમયે ચોરીની ઘટનાઓને અંજામ આપતા હોય છે. રાત્રિના સમયે ઠંડીને કારણે લોકો ઘોર નિંદ્રામાં હોય છે ત્યારે પગપેસારો કરતા તસ્કરો હાથ ફેરા કરી જતા હોય છે. દરમિયાન ડિંડોલી વિસ્તારનો એક ચોર સોસાયટીમાં ચોરી કરવા પ્રવેશ્યો હતો જોકે સ્થાનિક યુવકો તેને જોઈ જતા પકડી પાડી બરોબર મેથી પાક ચખાડી પોલીસને હવાલે કર્યો હતો. ''ડિંડોલી વિસ્તારમાં મોડી રાત્રે ચોરી કરવા આવેલા એક ચોરને સ્થાનિકો જોઈ જતા તેનો પીછો કરી ઝડપી પાડ્યો હતો. જોકે ચોરે વળતો હુમલો કરતા સામ સામે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. એકલો ચોર ચાર થી પાંચ જણાને જાણે ભારી પડ્યો હોય તેમ દંડા વડે તેને ઝડપી

અનુસંધાન પાના ૭ પર

# જાણીતા શિક્ષણવિદ આનંદકુમાર દ્વારા મિશન કામયાબનું અનાવરણ

## જી.ડી. ગોયંકા ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા સુરતમાં પ્રોગ્રામનો શુભારંભ

સુરત, તા.૧૧

વિખ્યાત શિક્ષણવિદ આનંદ કુમાર ૧૦મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ સુરત ખાતે 'મિશન કામયાબ'ના નામે એક અનોખો શૈક્ષણિક કાર્યક્રમ સુરતની પ્રખ્યાત જી.ડી. ગોયંકા ઈન્ટરનેશનલ સ્કુલમાં શરૂ કરી રહ્યા છે. આ પ્રોગ્રામ ખાસ કરીને JEE અને NEETના અભ્યાસાર્થીઓ માટે શરુ કરવામાં આવી રહ્યો છે. જેમાં આ કોર્સ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ સામાન્ય વિદ્યાર્થી પણ મેળવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ શાળાના પટાંગણમાં જ આપવામાં આવશે. આ કાર્યક્રમની રૂપરેખા નીચે પ્રમાણે છે:

'મિશન કામયાબ'નો દૈનિક ૬ કલાકનો કાર્યક્રમ: આ કાર્યક્રમમાં દરેક ધારા માટે જરૂરી મુખ્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે: NEET માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને બાયોલોજી અને JEE માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત ઉપરાંત બોર્ડની આવશ્યકતા મુજબ અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને કમ્પ્યુટર સાયન્સ અને ફિઝિકલ એજ્યુકેશન જેવા વૈકલ્પિક કોર્સની પણ પસંદગી મળે છે. આનંદ કુમારે આ સમગ્ર કાર્યક્રમમાં અંગત રસ લઈ ફેકલ્ટીની પસંદગી, તાલીમ અને અભ્યાસક્રમના વિકાસમાં વિશેષ દેખરેખ રાખી છે. આ ઉપરાંત તેઓ સતત વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને માર્ગદર્શન આપે છે, જેથી દરેક યોગ્ય વિદ્યાર્થી સાચું માર્ગદર્શન પ્રાપ્ત કરી સફળતા મેળવી શકે.

MKAT સ્કોલરશીપ કાર્યક્રમ: આ કાર્યક્રમ દર વર્ષે ડિસેમ્બર મહિનામાં યોજવામાં આવે છે. આ યોજના અંતર્ગત ટોચના ૪૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ૧૦૦% સુધી ની સ્કોલરશીપ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ JEE અને NEET માટે ફક્ત ૧૨૦ બેઠકો રાખવામાં આવી છે. આ યોજનામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક કક્ષાની પરીક્ષા આપવી પડશે. આ

અનુસંધાન પાના ૭ પર



સુરત તથા નવસારી જિલ્લાની વકફની મિલ્કત અંગે ચોક્કસ ટોળકી દ્વારા ટ્રસ્ટીઓ પાસેથી એનકેન પ્રકારે રૂપિયા પડાવી લેવાના ઘડાયેલા કારસા અંગે આજે દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ સંગઠન દ્વારા સુરત જિલ્લા કલેક્ટર તથા રેન્જ આઈજીને ગંભીર પ્રકારની ફરિયાદ આવેદનપત્ર પાઠવી કરવામાં આવી હતી. (તસ્વીર : હનીફ મલેક)

# લીંબાયતમાંથી ૧૮ વર્ષીય યુવતી દિપીકાબેન ગુમ

સુરત, તા.૧૧

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજ લિંબાયત વિસ્તારનાં રહે-પ્લોટ નં ૧૦૭, ગલી નં ૦૨ સુભાષનગર-૦૨ સોસાયટી લિંબાયત સુરત ખાતે રહેતા દિપિકાબેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેમની ઉંમર ૧૮ વર્ષની છે. જેઓ શરીરે મધ્યમ બાંધાની રંગે ઘઉંવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૨ ફૂટ છે.જેણે શરીરે ગ્રીન કલરનું ટોપ પહેરેલ છે. જેઓ ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષા જાણે છે જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સરથાણામાં રહેતી ૧૬ વર્ષની છોકરી નિશાકુમારી ગુમ

સુરત, તા.૧૧

સરથાણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૩/૧૦/૨૦૨૪ના રોજ સરથાણા વિસ્તારનાં રહે-રૂમ નં ૨૫ ,જયરામભાઇના મકાનમાં વિપુલનગર લાસકાણા, સરથાણા સુરત ખાતે રહેતા નિશાકુમારી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેની ઉમર ૧૬ વર્ષની છે.જે શરીરે પાતળા બાંધાની રંગે ગૌરાવર્ણની છે. જેની ઉચાઇ ૦૫.૦૦ ફૂટ છે. જેણે શરીરે સફેદ કલરનું ટોપ કાળા કલરનો જીન્સ પહેરેલ છે. જે હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સરથાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# વરાછાથી ૧૫ વર્ષીય છોકરી હિરલ ગુમ થઈ

સુરત, તા.૧૧

વરાછા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ વરાછા વિસ્તારનાં રહે-ઘર નં ૩૬૨ ભગીરથ સોસાયટી વિભાગ -૧ એલ .એચ .રોડ વરાછા ખાતે રહેતી હિરલ કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૧૫ વર્ષની છે.જે શરીરે પાતળા બાંધાના રંગે ગૌરાવર્ણ છે.જેની ઉચાઇ ૦૫.૦૦ ફૂટ છે જેમણે શરીરે સફેદ કુર્તી ઉપર કેસરી કોટી તથા બ્લેક કલરની લેગીસ પહેરેલ છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# શ્રી સહસ્ત્રાર્જુન જયંતિ મહોત્સવ નિમિત્તે ભવ્ય શોભા યાત્રા નીકળી

સુરત, તા.૧૧

શ્રી સોમવંશીય સહસ્ત્રાર્જુન ક્ષત્રિય સમાજ સુરત પ્રેરિત શ્રી સહસ્ત્રાર્જુન યુવક મંડળ અને શ્રી હિંગળાજ માતા મહિલા મંડળ દ્વારા શ્રી સહસ્ત્રાર્જુન જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે શ્રી સહસ્ત્રાર્જુન ભગવાનની ભવ્ય શોભા યાત્રા તા.૦૮/૧૧/૨૦૨૪ શુક્રવારના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યે ઉધનાના ઓમ સાંઈ જલારામ નગર,પટેલનગર પાસે આવેલ શ્રી સોમવંશીય સહસ્ત્રાર્જુન ક્ષત્રિય સમાજની વાડી ખાતેથી નીકળી હતી.આ શોભા યાત્રામાં સમાજના પ્રમુખ નવીનભાઈ ટિકરે,ઉપપ્રમુખ વિજયભાઈ બિચવે અને સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા.

# વીજળી, સડકની સુવિધામાં તરસાડી નગર પાલિકાની ઘોર બેદરકારી

## પાલિકાનું તંત્ર યોગ્ય સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ

કોસંબા, તા.૧૧

તરસાડી નગરપાલિકા બનવાને બે દાયકા જેટલો સમય વીતી ગયો છે છતાં પણ નગરપાલિકાની પ્રાથમિકતામાં આવતી વીજળી પાણી અને સડક ની સુવિધા પૂરી કરવાના બદલે પાલિકા તંત્ર દિવસ અને દિવસે નિષ્કાળજી અને બેદરકારીમાં સતત પ્રગતિ કરી રહ્યું છે એવું લોક ચર્ચા અને નાગરિકોનો રોષ જોઈને લાગી રહ્યું છે.

ગત મહિનામાં નગરપાલિકાની બેદરકારી ના કારણે નગરમાં આવેલી જર્જરીત ઈમારતો ને ઉચિત સમય પર તેના રીપેરીંગ માટે યોગ્ય સમયે ચકાસણી અને ફરજ ન પાડવામાં આવતા સ્કૂલના એક નિર્દોષ બાળકનો જીવ ગયો હતો તે વાત જગ જાહેર છે ત્યારે આ આ કરુણ ઘટના જ્યાં બની હતી ત્યાંથી માંડ ૧૦૦ મીટરના અંતરે નગરના મુખ્ય રસ્તા પર આવેલ ગટર નું ચેમ્બર અંદર ઉતરી ગયું છે જેના કારણે ટ્રાફિક નો બેરીકેટ તેમાં ઘૂસીને કોઈક દ્વારા લોકોને ચેતવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે આ ઉપરાંત આ મુખ્ય રોડ પર આવેલ ઘણા ચેમ્બરો અંદર ઘસી ગયા છે ત્યારે પાછળથી આવતા વાહનો ઓચિંતા તેમાં ઘૂસી જાય તો નવાઈ નહીં ત્યારે માથેલા સાંઢની જેમ નગર આખા ને માનમાં લઈને ફરતા મસ્ત મોટા ડંપરિયા અને વાહનો ના કારણે જ્યાં અને ત્યાં જીવ ના જોખમ ના ચિત્રો દેખાઈ રહ્યા છે ત્યારે નગરપાલિકા આ રીતે નિષ્કાળથી દાખવીને હજુ કેટલાયનો ભોગ લેશે તે જોવું રહ્યું હાલમાં નગર આખામાં વીતેલા ચોમાસાની ઋતુમાં આ રસ્તા પર આવેલી મુખ્ય ગટરની લાઈન નું કામ વાહન ચાલકોની સલામતીને જોખમમાં મૂકીને બેદરકારી પૂર્વક કરવામાં આવતા કંઈ કેટલાય વાહનો ગટરમાં ખૂંપી ગયા હતા અને લોકોને સમય અને પૈસાનું વ્યય થયો હતો ત્યારે નિર્દોષ પ્રજાએ ક્યાં સુધી ભોગવવાનું હાલમાં નગર આખામાં ફેર ઠેકાણે તહેવારોની શુભેચ્છા ની આડમાં એવા અને સંગઠનના હોદ્દેદારો દ્વારા નગરજનોની મુખ્ય પ્રશ્નોની રજૂઆત કરીને સમસ્યાઓનો હલ લાવવાના બદલે મોટા મોટા શુભેચ્છા હાડ'ગ્સ લગાવવામાં આવ્યા છે અને બીજી બાજુ નગરપાલિકાનું તંત્ર જાણે સુવિધા ના બદલે દિવસે ને

અનુસંધાન પાના ૭ પર





# દેવઉઠી એકાદશીથી જામશે લગ્નસરાઃ જાણો નવેમ્બરથી લઈને ફેબ્રુઆરી સુધીના લગ્નના શુભ મુહુર્ત

કારતક મહિનાની શુક્લ એકાદશી કે જેને દેવઉઠી એકાદશીના નામે ઓળખવામાં આવે છે, તેનું ખૂબ જ મહત્વ રહેલું છે. કારણ કે દેવપોઢી એકાદશીના ચાર મહિના બાદ દેવઉઠી એકાદશીના દિવસે જગતના પાલનહાર ભગવાન વિષ્ણુ નિંદ્રામાંથી જાગે છે અને આ દિવસથી જ લગ્ન, મુંડન સંસ્કાર અને સગાઈ સહિત તમામ શુભ કાર્યોનો પ્રારંભ થાય છે. હવે દેવુથની એકાદશીથી શુભ કાર્યો ફરી શરૂ થશે. કારતક માસના શુક્લ પક્ષની એકાદશીને દેવ પ્રબોધિની, દેવઉઠી અને દેવોત્થાન એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. દેવઉઠી એકાદશી ૧૨ નવેમ્બરે ઉજવવામાં આવશે.

દેવઉઠી એકાદશી સાથે ચાતુર્માસ સમાપ્ત થાય છે અને લગ્ન, યજ્ઞોપવીત, મુંડન, ગૃહ ઉષ્ણતા વગેરે જેવા તમામ શુભ કાર્યો આ દિવસથી શરૂ થાય છે. આ દિવસે તુલસી વિવાહની પણ પરંપરા છે. તુલસીજીના લગ્ન ભગવાન શાલિગ્રામ સાથે થયા છે. લગ્નની શરૂઆત ભગવાન વિષ્ણુ સાથે તુલસીના વિવાહથી થાય છે.

દેવઉઠી એકાદશી બાદ તમામ શુભ કાર્યની શરૂઆત થાય છે. આ વર્ષે ૧૭ નવેમ્બરથી લગ્નના શુભ મુર્હુત શરૂ થઈ રહ્યા છે. નવેમ્બર મહિનામાં ૧૭ તારીખથી લગ્નના શુભ મુર્હુતની શરૂઆત થશે જે ૨૭ તારીખ સુધી છે. જ્યારે ડિસેમ્બર મહિનામાં ૧ તારીખથી લઈને ૬ તારીખ સુધી તેમજ ૯ તારીખથી લઈને ૧૪ તારીખ સુધી શુભ મુર્હુત છે. જાન્યુઆરી માસના ૧૬ તારીખથી લઈને ૩૦ તારીખ સુધી લગ્ન માટેના શુભ મુર્હુત છે. અંતે ફેબ્રુઆરી મહિનામાં ૧ થી ૨૫ તારીખ સુધી લગ્ન માટેના શુભ મુર્હુત છે.સનાતન ધર્મમાં દરેક માસની શુક્લ અને કૃષ્ણ પક્ષની એકાદશીની તિથીનું ખૂબ જ મહત્વ રહેલું છે. આ દિવસ ભગવાન વિષ્ણુની પૂજા માટે સમર્પિત માનવામાં આવે છે. સાથે જ બે એકાદશીનું વિશેષ મહત્વ રહેલું છે જેમાં અષાઢ મહિનાની એકાદશી કે જે દેવપોઢી એકાદશી, જ્યારે કારતક મહિનાની શુક્લ પક્ષની કે જેને દેવઉઠી એકાદશીના નામે ઓળખવામાં આવે છે. ચાતુર્માસ દરમિયાન યોગનિંદ્રામાં પોઢેલા ભગવાન વિષ્ણુ આજના દિવસે ઊંઘમાંથી જાગે છે. આથી આ તિથીનું ખૂબ જ વિશેષ મહત્વ રહેલું છે.

# ચિંતનઃ સંદેહના નાશ માટે સત્સંગ જરૂરી

શિવજી ગરુડને આ પ્રમાણે સલાહ આપે છે. સંદેહ – સંશયના નિવારણ માટે સત્સંગ જરૂરી છે, અને તે પણ લાંબા ગાળાનો. જ્યાં આદિમધ્ય અને અંતમાં પ્રતિપાદન તો ભગવાન શ્રીરામનું જ થતું હોય એવી અનેક સંતો દ્વારા અનેકવાર ગવાયેલ હરિકથા તે સત્સંગમાં સાંભળવા મળે. સત્સંગ વિના હરિકથાનું શ્રવણ શક્ય નથી, હરીકથાના શ્રવણ વિના સંસાર માટેનો મોહ નાશ પામે તે શક્ય નથી, મોહ નાશ પામ્યા વિના શ્રીરામના ચરણમાં દ્રઢ અનુરાગ થાય તે શક્ય નથી .

સત્સંગથી શ્રદ્ધા સ્થાપિત થાય, સૃષ્ટિના નિયંતા વિશે જિજ્ઞાસા જાગ્રત થાય, તે જિજ્ઞાસા સંતોષાશે તે પ્રકારનો વિશ્ર્વાસ બંધાય, મન ઈશ્ર્વરમાં આસક્ત થાય, ઈશ્ર્વર પ્રત્યે પ્રેમની ભાવના ઉભરતી થાય, અને એ બધા સાથે એક પ્રકારનો આધ્યાત્મિક ઉમળકો અનુભવાય. સત્સંગ એ ઈશ્વર પ્રત્યેના પ્રેમ માટેનું સૌથી સરળ અને કદાચ પ્રાથમિક પગથિયું છે.

સત્સંગથી કેટલીક બાબતો જાણવામાં આવે – ઈશ્ર્વરના વિવિધ અવતારો અને તેમના દ્વારા કરાયેલ લીલા વિશે માહિતી મળે, ઈશ્ર્વર દ્વારા સ્થાપિત સિદ્ધાંત વિશે સમજ વિકસે, ઈશ્ર્વરના ન્યાય વિશે વિશ્ર્વાસ બેસે, જીવ અને શિવ વચ્ચેનો ભેદ સમજમાં આવે, ઈશ્ર્વર પ્રત્યેની શ્રદ્ધા વધુ દ્રઢ બને અને ઈશ્વર માટેનો પ્રેમ તથા અહોભાવ ઉત્તરોત્તર વધતો જાય.

સત્સંગથી સૃષ્ટિની રચના અને સૃષ્ટિમાં પ્રવર્તમાન સમીકરણો બાબતે રસ જાગ્રત થાય, શાસ્ત્રોના વાંચન માટે પ્રેરણા થાય, સદગુરુ તેમજ સંતજનો દ્વારા કહેવાયેલ બાબતો માટે વિશ્ર્વાસ જાગે અને વધુને વધુ સત્સંગ થયા કરે તેવી ચાહના જાગ્રત થાય.

સત્સંગથી શ્રવણેન્દ્રિય પવિત્ર થાય, મન શાંતિ અનુભવે, બુદ્ધિમાં વિવેક તેમજ આધ્યાત્મિકતાનો ભાવ જાગ્રત થાય, ચિત્ત વિરામ અનુભવે અને સમગ્ર



અસ્તિત્વ જાણે તે પરમ સાથે એકાકાર થવાનો પ્રયત્ન કરે. સત્સંગથી આજુબાજુના માહોલમાં પણ શાંતિ પ્રસરે, વાતાવરણમાંથી જાણે ઉદ્વેગની નાબૂદી થાય, સૃષ્ટિની બધી જ બાબતો જાણે તેના યોગ્ય સ્થાને ગોઠવાઈ જાય, ક્યાંય કોઈ ફરિયાદ ન હોય કે વિરોધ ન હોય. એમ જણાય કે સત્સંગને કારણે બધું જ એક સૂત્રમાં બંધાઈ જાય છે. આ સૂત્ર એટલે સત્સંગની કથા.

સત્સંગ એ એક એવી ઘટના છે કે જેનાથી આધ્યાત્મિક પ્રગતિની સંભાવના વધી જાય. એકવાર એમ પણ જણાય કે સત્સંગને કારણે પરમ સાથે એક પ્રકારનો સંવાદ

સ્થાપિત થઈ રહ્યો છે. સત્સંગને કારણે ઈશ્ર્વર પોતાનો હોય તેવી પ્રતીતિ થાય. ઈશ્ર્વર કથામાં વણાયેલા જુદાજુદા પ્રસંગને આધારે, સત્સંગથી એવો વિશ્ર્વાસ બેસે કે, આજે નહીં તો કાલે, ઈશ્ર્વરની કૃપા થશે જ.

આમ તો સત્સંગને ભક્તિનો એક પ્રકાર ગણી શકાય, પણ તેનું મહત્ત્વ આધ્યાત્મિકતાના દરેક ક્ષેત્રમાં આગવું છે. સત્સંગ ભક્તિ માટેનું માધ્યમ તો છે જ, પણ સાથે સાથે તે જ્ઞાન પ્રાપ્તિનું સાધન પણ બની શકે. સત્સંગમાં જણાવાયેલ ઈશ્ર્વરની લીલા થકી નિષ્કામ કર્મ કરવા માટે પ્રેરણા પણ મળે. ઈશ્ર્વરનો પ્રત્યેક અવતાર ધર્મના રક્ષણ માટે હોય છે, સૃષ્ટિમાં સમત્વની સ્થાપના માટે હોય છે, તેથી તેમાં યોગની ભાવના પણ સમાયેલી હોય તે સ્વાભાવિક છે.

આમ સત્સંગ થકી ભક્તિ, જ્ઞાન, નિષ્કામ કર્મ તેમજ યોગ, એમ ચારેય સંભાવનાનો સમાવેશ થઈ જાય છે. સત્સંગથી ભક્તિ દ્રઢ થાય, જ્ઞાનની સીમાનો વિસ્તાર વધે, ધાર્મિક ક્રિયાકાંડમાં શુદ્ધતા આવે, તીર્થસ્થાનોનું મહત્ત્વ સમજાય અને ઈશ્ર્વરના ઐશ્ર્વર્ય બાબતે અહોભાવ જાગ્રત થાય. એકમાત્ર સત્સંગથી આ બધું શક્ય હોવાથી સત્સંગને આટલું મહત્વ મળે છે. તેથી જ સ્વયં શિવજી પણ ગરુડ અને માતા પાર્વતીને સત્સંગનું મહત્ત્વ સમજાવે છે.

શ્રીરામ પણ સ્વયં મહર્ષિ વશિષ્ઠ સાથે સત્સંગ કરતાં હતાં. શુકજી પાસે અનેક ઋષિમુનિઓ સત્સંગ તથા ચર્ચા કરવા આવતાં. વિષ્ણુના અવતાર સમા પરશુરામ પણ ગુરુ દત્તાત્રેય પાસે સત્સંગ માટે જતાં. આધુનિક સમયના વિવેકાનંદ પણ પોતાના ગુરુ સાથે સત્સંગ કરતાં. વિશ્વમાં એવા એક પણ સંત પુરુષ નહીં હોય કે જેમણે સત્સંગનો લાભ ન લીધો હોય. જ્ઞાની પુરુષ સંપૂર્ણ સમર્પણ સાથે ભક્તિમાં તરબતર થઈ જ્યારે સત્સંગનો યજ્ઞ માંડે ત્યારે દરેક વ્યક્તિ ભાવવિભોર થઈ જાય. સૃષ્ટિનું આ સનાતન સત્ય છે.

સત્સંગ એટલે એવી ક્રિયા કે જેમાં જ્ઞાની-ભક્ત ઈશ્ર્વરના અવતારનું, તેમની લીલાઓનું, તે લીલા પાછળ રહેલા ગર્ભિત અર્થનું, તે લીલાને કારણે ઉદભવેલ પરિણામનું, તે લીલાથી સ્થાપિત થતાં સિદ્ધાંતોનું અર્થઘટન કરી અન્ય સામે તેનું વર્ણન કરે. જરૂરી નથી કે સત્સંગમાં અવતારના માત્ર જીવન પ્રસંગોનું જ વર્ણન હોય. અહીં સિદ્ધાંતોની ચર્ચા પણ હોઈ શકે, દર્શનનું વિશ્ર્લેષણ પણ હોઈ શકે, ગુઢ બાબતો પણ ઉજાગર થઈ શકે, સૃષ્ટિના સમીકરણો સ્થાપિત કરાય, અને તે બધા સાથે ચોક્કસ વિચારસરણી માટે વિશ્ર્વાસ જાગ્રત કરવાનો પ્રયત્ન થાય.

મહાભારત હોય કે રામાયણ, સત્સંગનું મહત્ત્વ દરેક ઈતિહાસમાં સ્થાપિત થયું છે. વેદાંત હોય કે મીમાંસા, સત્સંગ અર્થાત પ્રશ્ર્નોત્તરી એક અગત્યના માધ્યમ તરીકે ગણાયું છે. શૈવ હોય, શાક્ત હોય કે વૈષ્ણવ, સત્સંગનો મહિમા બધે જ ગવાયો છે. ગીતામાં પણ જ્ઞાનીની સેવા કરી, તેને પ્રશ્ર્ન પૂછી, આધ્યાત્મના ક્ષેત્રની કેટલીક બાબતો જાણી લેવાનું સૂચન કરાયું છે. આ પણ એક સત્સંગનો જ પ્રકાર છે.




# "દરેક મહિલા માં પોતાના જીવનની નાયિકા બનવાનું સામર્થ્ય"

સ્ત્રી એટલે શક્તિ. જે ધારે તે કરી શકે. કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારીમાં "એક સાંધે ત્યાં તેર તૂટે" એવી સ્થિતિમાં બે છેડા ભેગા કરવા; એટલે આકાશમાં તારા દેખાડવા જેવી વાત છે. આવી વિકટ પરિસ્થિતિમાં પુરુષો સાથે ખભાથી ખભો મિલાવીને ચાલવા માટે આજની મહિલા સક્ષમ બની છે. "સ્ત્રીની બુદ્ધિ પગની પાની સુધી" એ રૂઢિચુસ્ત વર્ગ હવે માની ગયો છે કે, હવે તો પુરુષોને શરમાવે એવા સિદ્ધિના સોપાન નારી પાર કર રહી છે; જે ફક્ત ને ફક્ત સ્ત્રી કેળવણીને આભારી છે. હવે આપણો સમાજ પુરુષ પ્રધાન નહી પરંતુ, સ્ત્રી પ્રધાન બનવા જઈ રહ્યો છે.

આજે સરકાર પણ મહિલાઓના વિકાસ, પ્રચાર ને પ્રસાર માટે ઘણી ખરી યોજનાઓ લાવી રહી છે; જેથી દેશને એક ઉત્તમ નાગરિક મળી શકે. આજની મહિલા વિજ્ઞાન અને સાહિત્યથી માંડીને રાજકારણ, રમત ગમત એમ દરેક ક્ષેત્રે આગળ વધી ગઈ છે. આજે સિનેમા ક્ષેત્રમાં પણ અભિનેત્રીઓએ અપૂર્વ લોકશાહી મેળવી છે. સ્ત્રીમાં છુપાયેલી દરેક શક્તિનો ઉપયોગ કરવાથી દરેક મહિલા પોતાના કુટુંબનું ભરણપોષણ સારી રીતે કરી શકે છે.



આધુનિક વિચારધારા ધરાવતી મહિલા આજે કલેકટર, સેક્રેટરી, મીલીટરી, મેનેજર, સી.એ., સરકારી અધિકારી, પોલીસ, આર.જે. એનાઉન્સર, ડોક્ટર, પાયલોટ હોય કે રમતગમત ક્ષેત્રમાં જોડાઈને નારી શક્તિનું ઉદાહરણ પૂરું પાડી રહી છે તથા પોતાના કુટુંબનું ભરણ- પોષણ પણ કરે છે. તેમજ પુરુષ સમોવડી બનતી ગઈ છે; જેનાથી પુરુષોનો તણાવ ઓછો થઈ રહ્યો છે. સ્ત્રી અને પુરુષ તો સમાજના રથના બે પૈડા છે; જે આજની મહિલા સાર્થક કરી રહી છે. આજની મહિલા કુટુંબનું કેન્દ્રસ્થાન બની ગઈ છે. દરેક મહિલા પોતાનું અને કુટુંબનું નામ અંકિત કરવા તત્પર છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરીને આજે ઘણી મહિલાઓએ હદ પાર કરી છે અને "હાથના કર્યા હૈયે વાગ્યા"; જેવી પરિસ્થિતિનું સર્જન પણ કર્યું છે અને કુટુંબ વેરવિખેર પણ થયા છે. પરંતુ, માતૃત્વના સંસ્કારોનું જતન કરવું એ આપણી ફરજ છે. કહેવાય છે કે, "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે."તો સંતાનોના ચારિત્ર્યનું ઘડતર કરી સમાજનું અને રાષ્ટ્રનું ઘડતર કરવું એ દરેક મહિલાની ફરજ છે.આજે સ્ત્રીઓને પાંખો આવી ગઈ છે; એવું કહીએ તેમાં કંઈ ખોટું નથી ને તેથી જ તે આકાશને પણ આંબી ગઈ છે; અને તેથી જ સમાજને સમજુ દીકરી, પ્રેમાળ પત્ની કે સુશીલ માતા મળી છે. જેના કારણે આપણે આદર્શ નાગરિક આપી શકીશું; જેમાં શંકાને કોઈ સ્થાન નથી ને તેમાં જ આખા સમાજનું અને રાષ્ટ્રનું કલ્યાણ સમાયેલું છે. અંતમાં, જગતના પ્રત્યેક મહાન પુરુષના ઘડતરમાં એની માતાનો અનન્ય અને અણમોલ ફાળો છે. ખરેખર આજની તમામ મહિલાને અભિનંદન; કે જેના પર સમાજના રથની ગતિનો આધાર છે. "અમારી એક જ આશ, મહિલાને ના કરશો નિરાશ."

**અપેક્ષા શાહ**
**અમદાવાદ.**

# અલૌકિક દર્શન : અંતરાત્માને અહંકારનો પડદો છે ને અવિદ્યાનું બંધન છે

## પદ પદ પ્રગટે ભક્તિ રસ પ્રગટો પાનબાઈ જેથી પદ્માવતી સજીવન થાય રે

અહીં પણ ગંગાસતી એક બીજા પ્રસંગનો ઉલ્લેખ કરે છે. પદ્માવતી અને કેન્દુલિના રાજાની રાણી બંને વચ્ચે સખ્ય, બંને સહેલીઓ, એક વખત તેમની વચ્ચે વાદ થયો, પદ્માવતી મહારાણીને પૂછે છે, રાણી સતી કોને કહેવાય, તે કહે પોતાના પતિનું શરીર શાંત થઈ જાય, દેવ થઈ જાય તેની પાછળ ચિતા પર ચડીને અગ્નિમાં શરીર મૂકે તે સતી કહેવાય. પદ્માવતી કહે એ સતી ન કહેવાય, રાણી પૂછે છે, તો સતી કોને કહેવાય? એ કહે, પોતાના પતિના પ્રાણ ગયા છે એવી ખબર પડે અને જેના પ્રાણ તરત છૂટી જાય તેને સતી કહેવાય. રાણી વિચારે આનું પારખું કરવું પડશે.

બહાનું કાઢીને તેઓ જયદેવને બહાર મોકલી આપે છે, પછી એવા ખોટા સમાચાર ફેલાવ્યા કે જયદેવનો સ્વર્ગવાસ થયો, પદ્માવતી સમાચાર સાંભળીને પ્રાણ છોડી દે છે, જયદેવ આવે છે અને ઘટનાના સમાચાર મળે છે. રાણી કહે છેઃ "મેં પરીક્ષા કરતાં આવું થયું છે, ઝેરનાં પારખાં થયાં. 'ગીતગોવિંદ' જે રચાતું હતું એના પદ પદ્માવતીનાં દેહની સમક્ષ બેઠાં બેઠાં ગાય છે. પદપદ પ્રતિ, પદપદ એટલે અષ્ટપદી, જયદેવના 'ગીતગોવિંદ'માં ચોવીસ અષ્ટપદીઓ છે, દરેક અષ્ટપદીમાં આઠ શ્ર્લોક હોય, એટલે અષ્ટપદ કહેવાય. એના માટે ગંગાસતી કહે છે. પદ પદ ભક્તિરસ પ્રગટયો એટલે પદ્માવતી બેઠાં થયાં એ પ્રસંગનો ઉલ્લેખ ગંગાસતી અહીં કરે છે.

પ્રેમલક્ષણા ભક્તિ શું છે? આપણે ઘણી વખત માની લઈએ છીએ કે પ્રેમલક્ષણા ભક્તિ અમને ખબર છે. નારદજી 'ભક્તિસૂત્ર'માં ભક્તિની વ્યાખ્યા આપે છેઃ લળ દ્દમાશ્ર્નપણ ક્ષફપ પ્જ્ઞપરૂક્ષળ પરમ પ્રેમ એ પ્રેમલક્ષણા ભક્તિ છે. ભક્તિના અનેક પ્રકારો પાડવામાં આવે છે, અનેક જુદી જુદી રીતે, પણ પ્રધાન બે પ્રકાર છેઃ વૈધી અને પ્રેમલક્ષણા. વૈધીભક્તિ એટલે જેમાં વિધિવિધાન, પૂજા, જપ, પાઠ, ભગવાનને ધરાવવું વગેરે છે એ વૈધીભક્તિ.

એ ભક્તિમાં વિધિવિધાન મુખ્ય છે, જ્યારે પ્રેમલક્ષણા ભક્તિમાં તો અંદરથી પરમાત્મા માટે અંતરાત્મા વ્યાકુળ થઈ જાય છે. અંતરાત્માને અહંકારનો પડદો છે ને અવિદ્યાનું બંધન છે, જ્યારે અવિદ્યાનું નિરાકરણ થવા માંડે. અંતરાત્મા પરમાત્માને મળવા માટે આકુળવ્યાકુળ થઈ જાય છે એ પરમાકુળતા એને પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. રાધાજીને ભગવાન શ્રીકૃષ્ણે વચન આપ્યું હતું કે આજે રાત્રે હું તમને મળવા



નિકુંજમાં આવીશ.

રાધાજી વાટ જોઈને બેઠાં છે. એક નાના કોડિયામાં દીપક પ્રગટે છે, તેલ પૂરેલ છે, તેલ ખલાસ થવા આવ્યું છે, ત્યારે રાધાજીને બીક લાગે છે કે આ જો દીવો ઓલવાઈ જશે, તેલ ખલાસ થઈ જશે તો ભગવાન આવશે ત્યારે એમ માનશે કે હું સૂઈ ગઈ છું અને પાછા જતા રહેશે, એટલે દીપકને કહે છે, ગમે તેમ કર પણ તારી જ્વાળા ચાલુ રાખ.

આ પ્રેમલક્ષણા ભક્તિ છે, આંડાલમાં પ્રગટી, મીરામાં પ્રગટી, ચૈતન્ય મહાપ્રભુમાં પ્રગટી. આ પ્રેમલક્ષણા ભક્તિ જ્યારે પ્રગટે, મારા ગુરુમહારાજ કહે છે કે પ્રેમના જ્યારે મહાપુર આવે ત્યારે માન-અપમાન, સુખ-દુઃખ, મારું-તારું એ તૃણની જેમ તણાઈ જાય છે. પ્રેમીજનોને માન-અપમાન નથી હોતું. માન-અપમાન તો બચ્ચાંનો ખેલ છે. પ્રેમીજનોને શું માન-અપમાન? આ પરમ પ્રેમ જ્યારે પ્રગટે અને અંતરાત્મા અનુભવે, મનનો નહીં, આત્માનો પ્રેમ પ્રગટે, એ પ્રેમલક્ષણા ભક્તિ છે એમ ગંગાસતી કહે છે. પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે પછી વૈધીભક્તિની જરૂર નથી, 'તેને કરવું પડે નહીં કાંઈ રે.'

આ જુગતી શું છે? નાથસંપ્રદાયમાં એક પરંપરા છે. યુક્તિ સે મુક્તિ. નાથ સંપ્રદાયનો એક સિદ્ધાંત છે. યુક્તિથી મુક્તિ, ગંગાસતી પર નાથ સંપ્રદાય, યોગની અસર છે જ અને યોગમાં યુક્તિની મુક્તિની વાત છે, એટલે કહે છે, જુગતી તમે જાણી લેજો પાનબાઈ. તાળું મારેલું હોય, મજબૂત તાળું હોય ત્યારે ખોલવું કેવી રીતે? એને માટે જરૂર છે કે નાની ચાવી હોય, આ ચાવી તે જુગતી છે. અધ્યાત્મપથ પર અનેક તાળાઓ આવે છે, અનેક ગ્રંથિઓ આવે છે, અનેક વિટંબણાઓ આવે છે, અનેક જગ્યાએ માર્ગ અટકી જતા હોય એમ લાગે. ત્યારે માર્ગના તાળા ખોલવા કેમ? એની જુગતી, જુગતી કોણ આપે? ગુરુજી આપે કે આ તાળું આમ ખૂલે, અહીં આ જ ચાવી લાગે એ વાત ગુરુ શીખવે છે. વચનરૂપી જુગતીથી તાળું ખોલવાનું વિધાન ગંગાસતી આપે છે.ગંગાસતીના સાધનાનું કેન્દ્રસ્થ તત્ત્વ આ છે, વચન અને વચનવિવેક એટલે શું? વેદાંતની સાધનામાં મહાવાક્ય વિવેક એ સર્વોદય સાધના છે એને અંતિમ સાધના મનાય છે, મહાવાક્યવિવેક, મહાવાક્ય ચાર છેઃ ચારેય વેદનું એકેક વાક્ય ગણાય. આ ચાર મહાવાક્ય છે. મહાવાક્યોમાં જીવ બ્રહ્મ વચ્ચે અદ્વૈત સિદ્ધ કરવામાં આવે છે, પણ એક પાંચમું મહાવાક્ય છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં છે. આખા મંત્રનો એક અંશ છેઃ

– હું તે જ છું- જેવો મહાવાક્યનો અર્થ તેવો જ આનો અર્થ છે, લ' એટલે તે પરમાત્મા, અર્વૈ એટલે હું જ છું. શ્ર્વાસ સાથે મેળ બેસાડવા માટે સંતપરંપરામાં આ મહાવાક્ય લેવાયું છે, પણ આશ્ર્નપપદને છોડી દીધું છે, એટલે 'લળજ્ઞવપ્ર' એટલું જ રહ્યું. આ 'લળજ્ઞવપ્ર' એ વચન છે. વચનનો વિવેક કરવો કેવી રીતે એનાં પાંચ સોપાન છે, સંતપરંપરામાં આવે છેઃ પહેલું સોપાન- શ્ર્વાસોશ્ર્વાસ સાથે સુરતાને જોડી દેવી, ધ્યાન શ્ર્વાસ ઉપર દઢ રહેવું જોઈએ એ પહેલું સોપાન, બૌદ્ધ ધર્મમાં એને અનાપાન સતિ યોગ કહેવાય છે. બીજું સોપાન છે ગુરુ વચન આપે છે, શ્ર્વાસ અંદર લેતી વખેત 'સો' બહાર લેતી વખતે બહાર લેતી વખતે 'હમ', 'સોહમ', 'સોહમ'- લ' અહમ છે વિસર્ગનો 'ઓ' થઈ ગયું. 'અ'નો લોપ થયો એટલે સોહમ શબ્દ થયો છે.

શ્ર્વાસોશ્ર્વાસ સાથે શ્ર્વાસેશ્ર્વાસે સોહમ જાપે બીજું સોપાન થાય અને એમાં ત્રણ તત્ત્વોનું મિલન છેઃ એક વચન, બીજું શ્ર્વાસ અને ત્રીજું સૂરતા. ત્યાર પછી ત્રીજું સોપાન આવે છેઃ વચનનો વિવેક- માયાસહિત જો સહ હોય તો ઈશ્ર્વર છે, પણ માયાવિહીન થાય એટલે ઈશ્ર્વરને સ્થાને બ્રહ્મ આવે છે, અહં એ જીવ છે, એમાંથી અવિદ્ય તત્ત્વનું નિરસન થાય તો એનો અર્થ બ્રહ્મ થાય છે.

આમ જીવ અને ઈશ્ર્વર એક છે એવો એનો અર્થ છે, આ તૃતીય સોપાન છે. ચોથા સોપાનમાં બ્રહ્માકાર વૃત્તિનો ઉદય થાય છે. શબ્દનો જાપ કરતાં કરતાં અંદરથી બ્રહ્માકાર વૃત્તિ પ્રગટે એટલે વચન છૂટી જાય છે. બ્રહ્માકાર વૃત્તિ જ રહે છે અને પાંચમા સોપાનમાં બ્રાહ્મીસ્થિતિમાં આત્મા સ્થિત થઈ જાય છે, આ વચન-સોપાનના પાંચ પગથિયાં છે.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૧૧ નવેમ્બર ૨૦૨૪**

## તબીબી સેવાઓ સ્વસ્થ બને તે જરૂરી

બજેટ આડે હવે ગણતરીના બે દિવસ બાકી રહ્યા છે ત્યારે આરોગ્યને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. ભારતમાં આરોગ્યની સુવિધા હજુ પણ અપેક્ષા કરતા ખુબ નબળી રહેલી છે. તેમાં ખુબ ધ્યાન આપવાની જરૂર છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જો રાજકીય ઈચ્છાશક્તિ હોય તો દરેક નાગરિકને સારી આરોગ્યની સુવિધા આપી શકાય છે. દરેક નાગરિકને સારા આરોગ્ય માટે મફથ નિયમિત મેડિકલ ચેકઅપ અને સુલભ ઉપચાર માટે કાનુની અધિકાર આપી શકાય છે. ભારતમાં પ્રતિ વ્યક્તિ તબીબોની સંખ્યા ખુબ ઓછી હોવાના કારણે તબીબો દરેક દર્દીને સરેરાશ બે મિનિટ આપી શકે છે. જ્યારે અમેરિકા, સ્વીડન, નોર્વે જેવા દેશોમાં આધુનિક તપાસ સાધન બાદ પણ સરેરાશ ૨૦ મિનિટ પ્રતિ દર્દીને આપવામાં આવે છે. આ પ્રકારના અંતરને જોઈને કહી શકાય છે કે ભારતમાં આરોગ્યસેવાને સ્વસ્થ બનાવવા માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર દેખાઇ રહી છે. અમારે દેશમાં જો એક જ જિલ્લામાં સેંકડો બાળકો ઉપચાર કરી શકાય તેવા રોગના કારણે મૃત્યુ પામે છે. જટિલ રોગથી ગ્રસ્ત ૯૯ ટકાથી વધારે રોગી મોટા અને નિષ્ણાંત તબીબ સુધી પહોંચી શકતા નથી., સામાન્ય સરકારી હોસ્પિટલમાં લાંબી લાઈનના કારણે રોગીને લઈને પૂર્ણ માહિતી મેળવ્યા વગર જ તબીબ દવા લખીને આગામી દર્દીને બોલાવી લે છે. લોકોને તેમના ઘરની બહાર સામાન્ય રીતે પ્રાથમિક રીતે આરોગ્ય કેન્દ્રની સુવિધા મળી રહી નથી. જો આ પ્રકારની સ્થિતી હોય તો કહી શકાય છે કે રોગીથી પહેલા તબીબી વ્યવસ્થાના આરોગ્યને સુધારી લેવાની જરૂર છે.

આરોગ્ય સેવાની આ નાજુક સ્થિતીનુ મુખ્ય કારણ દેશમાં આરોગ્ય સેવા માટે કરવામાં આવતી ઓછી બજેટ ફાળવણી પણ છે. આને તબક્કાવાર રીતે ચાર ગણી કરવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. અમારા બંધારણમાં દરેક વ્યક્તિને સ્વસ્થ જીવનના અધિકાર તો આપવામાં આવ્યા છે પરંતુ આ અધિકાર એ વખતે સાર્થક થશે જ્યારે સરકાર દરેક વ્યક્તિને સુગમ, સુલભ અને સરળ રીતે પૂર્ણ આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવે. જો કોઈ વ્યક્તિને આ સુવિધા મળતી નથી તો તે હોસ્પિટલ અથવા તો સરકારની સામે કેસ કરીને તેમને દોષિત જાહેર કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. આરોગ્યના અધિકારને કોઈ પણ મુળભુત અધિકારથી ઓછા મહત્વપૂર્ણ ગણી શકાય તેમ નથી. જો કોઈ દેશમાં યોગ્ય તબીબી સારવાર વગર લોકો તડફી રહ્યા છે તો ત્યાંની સરકારને પોતાને કલ્યાણકારી સરકાર તરીકે ગણાવવાનો કોઈ અધિકાર નથી. આરોગ્ય સેવાના સુધારા માટે સરકારને ચાર સ્તર પર કામ કરવાની જરૂર છે. પહેલા ચરણના ભાગરૂપે યોગ્ય પોષણની સુવિધા તમામને મળે તે જરૂરી છે. ખાસ કરીને બાળકો અને સગર્ભાવસ્થામાં રહેલી માતાને પોષણની વ્યવસ્થા થવી જોઈએ. બીજા તબક્કામાં રોગના રક્ષણ માટે સઘન સ્વચ્છતા અભિયાન જેના ભાગરૂપે હાલમાં ચાલી રહેલા અભિયાનને અનેક ગણા સ્તર પર વધારે તીવ્ર કરવાની જરૂર છે. ત્રીજા તબક્કાના ભાગરૂપે રોગની શરૂઆતમાં ઓળખ કરીને તેની સારવાર કરવાની જરૂર હોય છે. નિયમિત રૂટીન તપાસ કરવામાં આવે તે જરૂરી છે. ચોથા તબક્કાના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામાન્ય જિલ્લા હોસ્પિટલ અને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ મોટા પ્રમાણમાં રહે તે જરૂરી છે.આવી હોસ્પિટલમાં મોટા પાયે બને અને તેમના યોગ્ય મેનેજમેન્ટની વ્યવસ્થા પણ થવી જોઈએ. રાજસ્થાન અને કેટલાક આવા પ્રદેશમાં પ્રાઈવેટ પ્રેકટીસને મંજુરી હોવાના કારણે સરકારી નિષ્ણાંત તબીબોની પાસે હોસ્પિટલમાં સમય પણ ઓછો રહે છે.

## બ્રોડ બેન્ડથી જોડાતાં ગામડાં

કેન્દ્રીય કેબિનેટે ૬.૪ લાખ ગામડાંને બ્રોડબેન્ડથી જોડવા માટે ૧.૩ લાખ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આશા રાખીએ કે હવે આ સમગ્ર યોજનાને ધરાતલ પર ઉતારવામાં વધુ આસાની થશે. હાલમાં લગભગ બે લાખ ગામડાંમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સેવા પહોંચી ચૂકી છે. જો આ યોજના પર યોગ્ય રીતે સમય રહેતાં અલ કરવામાં આવશે તો ભારતનું ગ્રામીણ ક્ષેત્ર પણ નિશ્ચિત રૂપે ડિજિટલ ક્રાંતિમાં સામેલ થશે. જોકે આ દોર ડિજિટલ યુગનો છે, તેથી આ યોજનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂતી મળવાના પૂરતા અણસાર છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુદઢ કરવી એટલા માટે આપણા નીતિ-નિયંતાઓની પ્રાથમિકતા યાદીમાં હોવી જોઈએ, કારણ કે ભારતની મોટાભાગની આબાદી હજુ પણ ગામડાંમાં નિવાસ કરે છે. ગામડાંને બ્રોડબેન્ડ સાથે જોડવાથી તેમાં કારોબારી ગતિવિધિઓને બળ મળવાની પણ આશા રાખવામાં આવે છે. તેનાથી સ્વાભાવિક રૂપે જીએસટી સંગ્રહમાં પણ વૃદ્ધિ થશે અને તેનો લાભ આખા દેશને પણ મળશે, પરંતુ તેની સાથે જ સરકારે એ પણ જોવું પડશે કે ગ્રામીણ અર્થવ્યવસ્થા કેવી રીતે વધુ સંસ્થાગત સ્વરૂપ લે. આ એટલા માટે પણ જરૂરી છે કારણ કે દેશની અર્થવ્યવસ્થામાં જે અનુપાતમાં વૃદ્ધિ થઈ રહી છે, તેના અનુરૂપ ટેક્સનો દાયરો વધી નથી શક્યો.

જ્યાં સુધી ગામડાંની વાત છે તો તેમાં આવકનાં સાધનોની સાથે જ લોકોની ડિજિટલ પહોંચ વધી રહી છે અને કારોબારી ગતિવિધિઓનું ક્ષેત્ર પણ વિસ્તૃત થઈ રહ્યું છે, પરંતુ વાત ચાહે જીએસટી સંગ્રહની હોય કે આવકવેરાની, ગ્રામીણ અર્થવ્યવસ્થા કુલ મળીને જૂના ચીલે જ ચાલી રહી છે. એ ઠીક છે કે સરેરાશ ખેડૂત સાધનસંપન્ન નથી અને તેમની આવક પણ સીમિત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે ગ્રામીણ ક્ષેત્રોમાં એવા લોકો છે જ નહીં, જે સારી-એવી કમાણી ન કરતા હોય.

મુશ્કેલી એ છે કે ગ્રામીણ ક્ષેત્રોના અતિ ધનાઢ્ય અને ભારે આવક ધરાવતા ખેડૂતો પણ ટેક્સના દાયરાથી બહાર છે. આ યોગ્ય સમય છે કે એના પર વિચાર કરવામાં આવે કે જેની સારી એવી આવક છે અને જેઓ ટેક્સ ચૂકવી શકવામાં સક્ષમ છે, તેમને આવકવેરાના દાયરામાં લાવવામાં આવે. એવું કરવું ગામડાંની પોતાની ખુશહાલી અને બહેતરી માટે પણ જરૂરી છે. સરકારે ગામડાંને આત્મનિર્ભર બનાવવાના કેટલાય સ્તર પર પ્રયાસ કર્યા છે, પરંતુ તેની સાર્થકતા ત્યારે જ છે, જ્યારે ગ્રામીણ અર્થવ્યવસ્થાનું સમગ્ર માળખું સશક્ત અને પારદર્શી હશે. જો સરકાર તમામ ગામડાંને બ્રોડબેન્ડથી જોડવાની પહેલને આર્થિક વિકાસના એક મહત્ત્વના પાસા રૂપે જોઈ રહી છે તો તેણે કૃષિની અર્થવ્યવસ્થા, વિશેષ રૂપે ટેક્સની પ્રણાલી પર નવેસરથી નજર નાખવી જોઈએ.

**પ્રમુખ તરીકે ટ્રમ્પ વૈશ્ર્વિક સ્તરે કેવી ભૂમિકા ભજવે છે એ પણ અત્યારે ચર્ચાનો વિષય છે**

# ટ્રમ્પ પાસેથી ભારતને કઈ બે મોટી આશા છે?

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે જીત મેળવીને ઈતિહાસ રચી દીધો. ચાર વર્ષ સુધી અમેરિકાના પ્રમુખ ને પછી ૨૦૨૦માં જો બાઈડેન સામે હારના કારણે કારમી પછડાટ મળતા પ્રમુખપદેથી હટેલા ટ્રમ્પની કારકિર્દી પતી ગઈ એવું મનાતું હતું, પણ ટ્રમ્પે અકલ્પનિય લડાયકતા બતાવીને ફરી પ્રમુખપદ મેળવી બતાવ્યું છે. જો બાઈડેન પ્રમુખપદની ચૂંટણી લડવાના હતા ત્યારે ટ્રમ્પની જીત પાકી મનાતી હતી કેમ કે વારેઘડીએ ભૂલી જતા બાઈડેનને કોઈ ગંભીરતાથી નહોતું લેતું.ડેમોક્રેટિક પાર્ટીએ બાઈડેનને કોરાણે મૂકીને કમલા હેરિસને પસંદ કર્યા એ સાથે જ ચિત્ર બદલાઈ ગયું હતું. કમલા હેરિસને ટ્રમ્પ સામે દમદાર હરીફ માનવામાં આવતાં હતાં અને તેમની જીત થશે એવું લાગતું હતું, પણ ટ્રમ્પે આક્રમક પ્રચાર દ્વારા બાજી પલટી નાખી. અકલ્પનિય જીત સાથે ટ્રમ્પ અમેરિકાના આગામી પ્રમુખ બનશે એ નક્કી થઈ ગયું છે.ટ્રમ્પ ફરી પ્રમુખ બનતાં અમેરિકા માટે શું કરશે તેની ચોતરફ ચર્ચા ચાલી રહી છે. પ્રમુખ તરીકે ટ્રમ્પ વૈશ્ર્વિક સ્તરે કેવી ભૂમિકા ભજવે છે એ પણ અત્યારે ચર્ચાનો વિષય છે. ભારત માટે મહત્ત્વનું ટ્રમ્પ બીજા દેશો સાથે કેવી રીતે વર્તે છે એ નથી પણ ભારત સાથે કેવો વ્યવહાર કરે છે એ છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની જીત બદલ અભિનંદન આપ્યા તેમાં ટ્રમ્પને પોતાના બેસ્ટ ફ્રેન્ડ' ગણાવ્યા છે. મોદીના સમર્થકો મોદીના બેસ્ટ ફ્રેન્ડ ભારતને ફાયદો કરાવશે એવી આશા રાખી રહ્યા છે પણ ટ્રમ્પનો ભૂતકાળ જોતાં આ આશા કેટલી સફળ થશે એ સવાલ છે પણ એ પહેલાં ભારતની આશાઓ શું છે એ જાણવું જરૂરી છે.ટ્રમ્પ પાસેથી ભારતને બે મોટી આશા છે. પહેલી અને સૌથી મોટી આશા આર્થિક મોરચે રાહતોની છે જ્યારે બીજી આશા ભારતીયો માટેના વિઝાને લગતા નિયમોમાં છૂટછાટની છે. ટ્રમ્પે ભારતીય ઉત્પાદનો પર આકરા કરવેરા લાદવાની ચીમકી આપી છે. સાથે સાથે ભારતીયો સહિતના વિદેશીઓ માટે અમેરિકામાં પ્રવેશના નિયમો આકરા કરવાની તેમજ ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને ઘરભેગા અથવા જેલભેગા કરવાની ચીમકી પણ આપી છે. આ બંને બાબતો ભારતમાં હિતોને નુકસાન કરનારી છે તેથી ભારત ટ્રમ્પ પાસેથી આ બે મોરચે હકારાત્મક વલણ ઈચ્છે છે.અમેરિકા જવા માગતા ભારતીયો માટે સૌથી મહત્વના એચ-૧બી વિઝા છે કેમ કે એચ-૧બી વિઝાના કારણે ભારતને બેવડો ફાયદો થાય છે. એક તો ભારતીય કંપનીઓ સધ્ધર બને છે અને બીજું ભારતીયો પણ સધ્ધર બને છે. ટ્રમ્પના આગમાન પહેલાં ભારતે એચ-૧બી વિઝાનો ભરપૂર લાભ લીધો હતો અને આ કારણે જ આજે પણ કામ કરવા માટે અમેરિકા જતા ભારતીયોમાં સૌથી વધુ લોકપ્રિય વિઝા એચ-૧બી છે. એચ-૧બી વિઝા દ્વારા અમેરિકાની મોટી કંપનીઓને વિદેશી કામદારોની ભરતી કરવાની છૂટ છે. એચ-૧બી વિઝા વિદેશી કામદારોને ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ફાઈનાન્સ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં રોજગાર માટે આપવામાં આવે છે. આ વિઝા વ્યક્તિગત રીતે નથી અપાતા પણ કંપનીઓને અપાય છે. કંપનીઓ પોતાના કર્મચારીઓમાંથી કોને એચ-૧બી વિઝા આપવા એ નક્કી કરે છે અને તેમને અમેરિકા મોકલે છે. ભારતમાંથી આઈટી સેક્ટરમાંથી મોટા પ્રમાણમાં પ્રોફેશનલ્સ એચ-૧બી વિઝા દ્વારા અમેરિકા ગયેલા છે. એક સમય હતો કે જ્યારે અમેરિકા દર વરસે લગભગ ૧.૫૦ લાખ લોકોને એચ-૧બી વિઝા આપતું પણ હવે દર વર્ષે માત્ર ૬૫ હજાર એચ-૧બી વિઝા આપવામાં આવે છે.ડોનાલ્ડ ટ્રમ્પ એચ-૧બી વિઝાની સંખ્યા વધારે તો ભારતને ફાયદો થાય કેમ કે ભારત જેટલા આઈટી પ્રોફેશનલ્સ બીજા કોઈ દેશ પાસે નથી. કમનસીબે ડોનાલ્ડ ટ્રમ્પે તેમના છેલ્લા કાર્યકાળ દરમિયાન એચ-૧બી વિઝાને લઈને ઘણાં એવાં પગલા લીધાં કે જેના કારણે ભારતીય કંપનીઓને ઘણી નકારાત્મક અસર થઈ છે. ટ્રમ્પના અગાઉના કાર્યકાળ દરમિયાન એચ-૧બી વિઝા માટેની અરજીઓ નકારવાના દરમાં વધારો થયો હતો અને લાયકાતના માપદંડ કડક કરવામાં આવ્યા હતા. કંપનીઓએ આપવો પડતો લઘુતમ પગાર પણ વધારી દેવાયેલો તેથી ભારતીય કંપનીઓને ફટકો પડ્યો. ટ્રમ્પ આકરા નિયમોના બદલે પહેલાં જેવી સ્થિતિ સર્જે એવી ભારતની આશા છે કેમ કે તેના કારણે ભારતની આઈટી કંપનીઓ સધ્ધર બનશે, ભારતને મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણ મળશે ને ભારતીયોને રોજગાર પણ મળશે.ટ્રમ્પ ભારતીય ઉત્પાદનો પરનો ટેક્સ ઘટાડે એ પણ જરૂરી છે. અત્યારે અમેરિકા ડેરી પ્રોડક્ટ્સ પર ૧૮૮ ટકા, ફળ-શાકભાજી પર ૧૩૨ ટકા, કોફી, ચા, કોકો, મસાલા પર ૫૩ ટકા, કઠોળ અને ફૂડ પ્રીપેરેશન્સ પર ૧૯૩ ટકા, તેલીબિયાં, ફેટ અને તેલ પર ૧૬૪ ટકા, બેવરેજીસ અને ટોબેકો પર ૧૫૦ ટકા, ફિશ અને ફિશ પ્રોડક્ટ્સ પર ૩૫ ટકા, મિનરલ્સ અને મેટલ્સ પર ૧૮૭ ટકા, કેમિકલ્સ પર ૫૬ ટકા ઈમ્પોર્ટ ડ્યુટી લગાવે છે. આ આંકડા ડબલ્યુટીઓ દ્વારા સત્તાવાર અપાયેલા આંકડા છે. આટલા ઊંચા ટેક્સના કારણે ભારતીય ઉત્પાદનો અમેરિકામાં મોકલી જ ના શકાય એવી હાલત છે. ટ્રમ્પે ભારતનું નાક દબાવવા ટેક્સના દર વધાર્યા છે ને તેમાં રાહત આપે તો ભારતની નિકાસ વધે, ભારતને ફાયદો થાય. ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને વધુ પ્રાથમિકતા આપે અને ભારતને ચીન કરતાં વધુ વિશ્વાસપાત્ર માનીને આર્થિક સંબંધો મજબૂત બનાવે તો બંનેના ફાયદામાં રહેશે.ટ્રમ્પ પાસેથી ભારતને બીજી પણ નાની નાની અપેક્ષાઓ છે. કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા પછી ભારત અને કેનેડાના સંબંધો વણસ્યા છે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો ભારત સામે આક્ષેપો પર આક્ષેપો કરી રહ્યા છે ને તેના કારણ બંને દેશોના સંબધો વણસી ગયા છે. ખાલિસ્તાની તત્વો કેનેડામાં ફરીથી માથું ઊંચકી રહ્યા છે અને કેનેડાની ધરતી પરથી ભારત વિરુદ્ધ ષડયંત્રો રચવામાં આવી રહ્યાં છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ જસ્ટિન ટ્રુડોને મર્યાદામાં રહેવાની સલાહ આપે એવી અપેક્ષા છે.ટ્રમ્પ પાકિસ્તાન અને ચીન સામે ભારતને સમર્થન આપે એવી પણ અપેક્ષા છે. ભારત લાંબા સમયથી આતંકવાદની સમસ્યાથી પીડાઈ રહ્યું છે, પાકિસ્તાનના આતંકવાદીઓ કાશ્મીરમાં સતત આતંક મચાવી રહ્યા છે ત્યારે ભારતની અપેક્ષા છે કે, ટ્રમ્પનું અમેરિકા પાકિસ્તાનને પણ પાઠ ભણાવે. એ જ રીતે ચીન પણ ભારતને પરેશાન કરી જ રહ્યું છે. ચીન સાથે ભારતના સંબંધો ગમે તેટલા સુધરે પણ તેના પર વિશ્ર્વાસ કરી શકાય તેમ નથી. આ સંજોગોમાં ટ્રમ્પ ચીનની વધતી દાદાગીરી સામે ભારતને પડખે રહે એવી અપેક્ષા છે.

### ટ્રમ્પે ભારતનું નાક દબાવવા ટેક્સના દર વધાર્યા છે

**સુપ્રીમના ૯ ન્યાયમૂર્તિઓની પીઠે ૭ વિરુદ્ધ ૨ની બહુમતીથી ચુકાદો આપ્યો છે.**

# સરકારના અધિકારોને નિયંત્રિત કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો

**૨૨ માર્ચ, ૨૦૨૪ને રોજ હાઇકોર્ટની લખનૌ બેન્ચે મદરેસાને ગેરબંધારણીય જાહેર કરી હતી**

સમય સાથે બદલાવું એ સમયની માંગ છે, તો એ જ પ્રગતિનો આધાર પણ છે. કોઈ પણ વિચાર કે રીતિ-નીતિ, દેશ-કાળ અને પરિસ્થિતિને અનુરૂપ અપનાવવાનાં રહે. હાલમાં આવેલ સુપ્રીમના ત્રણે ચુકાદાઓ ભૂતકાળને જ નહીં, ભવિષ્યને પણ લક્ષ્ય કરે છે. બંધારણને આગળ કરીને કોઈ પણ સરકાર જનહિતને નામે ખાનગી મિલકત પોતાના કબજામાં લઈ શકે કે કેમ એ અંગે અગાઉના ચુકાદામાં સરકાર કોઈ પણ ખાનગી સંપત્તિને જનહિતને નામે કબજે લઈ શકે, એવું હતું, પણ એ ચુકાદો મુખ્ય ન્યાયમૂર્તિની વડપણ હેઠળની બેન્ચે પલટાવ્યો છે. આ ચુકાદો ઐતિહાસિક છે અને સમાજવાદી વિચારને તેણે આયનો પણ બતાવ્યો છે. સુપ્રીમનો આ ચુકાદો સમાજવાદી અને વામપંથી વિચારકોને આંચકો આપનારો પણ છે, જે એમ માને છે કે ગરીબી અને અસમાનતા ત્યારે જ દૂર થઈ શકે જો સરકાર સંપત્તિનું વિતરણ કરવામાં સક્ષમ હોય અને એને એ અધિકાર હોય કે તે કોઈની પણ સંપત્તિ કબજે લઈ શકે છે. પોતાના ચુકાદાથી સુપ્રીમે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે ભારતીય શાસન વ્યવસ્થામાં સમાજવાદી રીત-રસમો અપનવવાનું જે કામ થયું તે નિરર્થક હતું. દુનિયાનો અનુભવ તો એ જ કહે છે કે જે દેશોએ લોકોની ભલાઈ માટે આત્યંતિક સમાજવાદી વિચારસરણી અપનાવી તેમને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવ્યો. એ ખરું કે સરકારો કેટલાક કિસ્સાઓમાં ખાનગી સંપત્તિઓ માટે દાવો કરી શકે, પણ દરેક ખાનગી સંપત્તિ માટે દાવો કરીને સરકાર તે સંપત્તિ આંચકી શકે નહીં એવું સુપ્રીમના આ નવા ચુકાદામાં છે.

સુપ્રીમના ૯ ન્યાયમૂર્તિઓની પીઠે ૭ વિરુદ્ધ ૨ની બહુમતીથી ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એ જણાવ્યું કે બહુમતીએ ૧૯૭૮ના જસ્ટિસ કૃષ્ણા ઐયરના ચુકાદાને રદ ઠેરવ્યો છે, જેમાં જણાવાયું હતું કે જનહિત માટે સરકાર કોઈ પણ ખાનગી સંપત્તિ પોતાના કબજામાં લઈ શકે છે એ ચુકાદામાં ત્રુટિ હતી. એ ચુકાદો ખાનગી મિલકત પર સરકારનાં નિયંત્રણની તરફેણ કરતો હતો. એ ખરું કે જૂનું શાસન આર્થિક અને સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હતું, પણ છેલ્લા ત્રણેક દાયકામાં ગતિશીલ આર્થિક નીતિથી ભારત ઝડપી અર્થવ્યવસ્થા બન્યું છે. આ ચુકાદા પછી સરકાર રિવ્યૂમાં જાય તો તેણે નવી પીઠનો સામનો કરવાનો થશે, કારણ મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ હવે નિવૃત્ત થયા છે. આ ચુકાદાના કેટલાંક પાસાંઓ માટે જે ખાસ ચર્ચા થઈ રહી છે તેમાં મુખ્ય બાબત એ છે કે આ ચુકાદો સરકારના અધિકારોને નિયંત્રિત કરે છે. કોર્ટનું કામ એ જોવાનું પણ કહેવાય છે કે દેશમાં એક આર્થિક લોકતંત્ર સક્રિય હોય. ખાનગી સંપત્તિઓ એ કોઈ ભૌતિક સંસાધનો નથી અને તેને આધારે સરકાર બળજબરીથી તેનો કબજો લઈ શકે નહીં. બંધારણની કલમ ૩૯(બી) સામુદાયિક સંપત્તિને જાહેર હિતોમાં વિતરણની વાત કરે છે. એનો અર્થ એવો નથી કે બધી જ ખાનગી સંપત્તિઓ સામુદાયિક સંપત્તિ તરીકે જોઈ શકાય. આ સંદર્ભે મુખ્ય ન્યાયમૂર્તિએ વધુ ફોડ પાડતા જણાવ્યું છે કે ખાનગી સંપત્તિ સાથે સંકળાયેલી ૧૬ અરજીઓ પર સુપ્રીમે ચુકાદો આપ્યો છે. આ ચુકાદાથી હવે એ શંકા પણ ન રહેવી જોઈએ કે શું સામુદાયિક સંપત્તિમાં જશે ને શું નહીં?જેમાંનો બીજો એક એ છે કે સુપ્રીમે, યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટને માન્ય રાખીને સ્પષ્ટ કર્યું છે કે યુપીમાં ૧૬૦૦૦ મદરેસાઓમાં ભણતા ૧૭ લાખ વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં મોકલવામાં નહી આવે. સાથે જ સુપ્રીમે એ પણ જણાવ્યું છે કે મદરેસા એકટની જોગવાઈઓ મૂળભૂત અધિકારો કે બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતી નથી. જોકે, સુપ્રીમ કોર્ટે એ જોગવાઈ પર પ્રતિબંધ મૂક્યો છે, જેમાં પીજી અને સંશોધનનો અભ્યાસક્રમ નક્કી કરવાનો અધિકાર હતો. એ અધિકાર મદરેસા બોર્ડને રહેશે નહીં ને તે ઉચ્ચ શિક્ષણનો અભ્યાસક્રમ કે પુસ્તકો નક્કી કરી શકશે નહીં. આ પ્રતિબંધ અનેક શંકા-કુશંકાઓનું નિવારણ કરે એવો છે.૨૨ માર્ચ, ૨૦૨૪ને રોજ હાઈકોર્ટની લખનૌ બેન્ચે મદરેસાને ગેરબંધારણીય જાહેર કરી હતી અને યુપી સરકારને મદરેસાના બાળકોને સરકારી શાળાઓમાં મોકલવા જણાવ્યું હતું. એની સામે સુપ્રીમે રોકડું કર્યું છે કે મદરેસાના વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં મોકલવાનો નિર્દેશ યોગ્ય નથી. દેશમાં ધાર્મિક શિક્ષણ ક્યારેય અભિશાપ રહ્યું નથી. વધુ એક ચુકાદો 'બુલડોઝર ન્યાય'ની વિરુદ્ધનો છે. ઉત્તરપ્રદેશના મહારાજગંજમાં ૨૦૧૯માં કોઈ પણ નોટિસ વગર બુલડોઝર ફેરવી દેવાની રાજ્ય સરકારની કાર્યવાહી સામે સુપ્રીમે ભારે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું છે કે આમ રાતોરાત કોઈના પણ ઘર પર બુલડોઝર ફેરવી ન શકાય. સુપ્રીમે યુપી સરકારને એક મહિનામાં જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવાની તાકીદ કરી છે. સાથે જ તમામ રાજ્યોને તોડફોડ માટેનાં દિશા નિર્દેશોનું પાલન કરવા પણ જણાવાયું છે. એ ખરું કે ગેરકાયદે બાંધકામો માટે જવાબદારો સામે કાર્યવાહી કરવા સરકારો મુક્ત છે, પણ તોડફોડ અંગે આપવામાં આવેલા દિશા નિર્દેશોનું ચુસ્તપણે પાલન થાય એ પણ જોવાનું રહે જ છે. ગેરકાયદે બાંધકામોનો બચાવ ન જ હોય, પણ કાયદેસર બાંધકામોને વેઠવું પડે એ પણ બરાબર નથી.

**દાયકાઓથી, વૈજ્ઞાાનિકો અને તકનીકી દ્રષ્ટિકોણોએ એવા દિવસની કલ્પના કરી છે**

# કાયદેસરના બાંધકામની પરવાનગીમાં મહિના, વર્ષો વીતી જાય પણ

અનન્ય જ્ઞાાન.માનવીઓ અને સમાજમાં સામૂહિક બુદ્ધિ ઉભરી આવે છે જ્યારે વિવિધ માહિતી સ્ત્રોતો સુધી પહોંચતા વિવિધ માનસ સમસ્યાઓના ઉકેલો શોધવા માટે ભેગા થાય છે

માટીની દીવાલો તથા માટીનું તળિયું ઠંડી અને પાણીની છાંટથી ઠરીને બરફ જેવા થઇ ગયા હતા. બારણું ન હોવાથી પવનના સુસવાટા આવતા હતા. અધૂરામાં પૂરું આજે ઠંડી વધુ હતી અને મારી પાસે ઓઢવા-પાથરવાનું ઘણું ઓછું હતું. હું મારું જ એક પાતળું આસન પાથરીને બેઠો. રાત્રે ઠંડી વધી જશે ત્યારે અહીં શરીર થીજીને ઠીકરું થઇ જશે તેવું મને ચોક્કસ લાગવા લાગ્યું.

હું ઘણો સમય એ ધર્મશાળામાં બેઠો પણ કોઇ મારી પાસે ન આવ્યું. બહુ થોડા લોકો ગંગાજીના દર્શન કરવા અવરજવર કરતા હતા. કોઇ કોઇ એકાદ ઊડતી નજર મારી તરફ નાંખી જતા. હું ચુપચાપ એકલો જ બેઠો હતો. બે વૃદ્ધો ગંગાજી તરફ જતા હતા તેમણે પણ મારા તરફ દૃષ્ટિ કરી અને ચાલ્યા ગયા. મને થતું હતું કે કોઇ મારી તરફ આવે અને મારી સાથે વાતચીત કરે. પણ કોઇ આવતું ન હતું. પેલી વિધવાઓ દૂર ઊંચા ઘાટ ઉપર અન્યમનસ્કભાવથી બેઠી હતી. પ્રતિક્ષણ સંધ્યા રાત્રિ તરફ જઇ રહી હતી. અને ઠંડીનું પ્રમાણ વધતું જતું હતું. કોઇ કોઇ વાર હું નેત્રો બંધ કરીને પ્રભુસ્મરણ કરવા પ્રયત્ન કરતો હતો. પગમાં ફોલ્લા ઊપસી આવ્યા હતા ત્યાં વારંવાર હાથ પહોંચી જતો. એવું લાગતું કે ત્યાં હવે આંટણ પડી જશે. જે ભાગ ઉપર વધુ ઘસારો પડતો હતો ત્યાં ફોલ્લા પડ્યા હતા. તે ભાગ ધીરે ધીરે કઠોર થઇ જશે. પછી ફોલ્લા નહિ પડે. પણ ત્યાં સુધી જીવિત રહેવાય તો ને? આજે તો આ કારમી ઠંડી અને તદન ઓછાં વસ્ત્રો મળીને કદાચ મારું ઠેકાણું પાડી દેશે.હું આવું કંઇક વિચારતો હતો એટલામાં પેલા બે વૃદ્ધો ગંગાદર્શન કરીને પાછા ફર્યા. મારી સામું જોઇને આગળ ચાલ્યા, પણ થોડુંક ચાલીને પાછા ફર્યા અને ઉપર આવી મારી પાસે બેઠા. બંનેને માત્ર બંગાળી જ બોલતા આવડતું હતું. તેમાંથી એક વૃદ્ધ બહુ જ થોડું હિન્દી બોલી શકતા હતા. પ્રથમ બંગાળીમાં અને પછી ભાંગીતૂટી હિન્દીમાં વાતચીત શરૂ થઇ. તેમણે મારો હાથ જોયો. મારી નાની ઉંમર તથા ત્યાગવૃત્તિથી લોકો આકર્ષિત થઇ જતા. ખાસ કરીને વિદ્વાન ધાર્મિક વર્ગ તેથી વધુ આકર્ષિત થતો.થોડી જ વારમાં જોયું તો પેલી પંદર-વીસ વિધવાઓ અમારી પાસે આવી અને ખોળો ધરી ધરીને, પગે લાગી લાગીને એક તરફ ચુપચાપ બેસી ગઇ. મને નવાઇ લાગી. આ બહેનોને હું પગે લાગ્યો ત્યારે કશો પ્રતિભાવ ન આપ્યો અને હવે ખોળા પાથરી પાથરીને પગે લાગવા માંડી! મારો હાથ જોનાર વૃદ્ધ મહાશય તેમને બંગાળીમાં કાંઇક કહી કહ્યા હતા, જે હું સમજી શકતો ન હતો, પણ એટલું સમજાતું હતું કે આ છોકરો મહાપુરુષ થવાનો છે તેવું કાંઇક તે સૌને સમજાવી રહ્યા હતા. ધીરે ધીરે માણસો ભેગા થઇ ગયા. એવામાં એક વૃદ્ધ પણ સશક્ત અને ભારી શરીરના મહાત્મા પણ ત્યાં આવી પહોંચ્યા. તેમના હાથમાં ત્રિશૂળ હતું. તેમાં ડમરુ બાંધેલું હતું. ગળામાં મોટા મોટા રુદ્રાક્ષની માળાઓ હતી, મોઢું ભારે અને શરીર પણ ભારે હતું. કમર ઉપર કાણાવાળા પૈસાને પરોવીને બનાવેલો કંદોરો પહેર્યો હતો. ભગવાં વસ્ત્રો, ઘઉંવર્ણો રંગ અને બુલંદ અવાજ. આ બધું મારા માટે આકર્ષક ન હતું છતાં તેઓ પણ સૌની સાથે ઊભા હતા. વર્તાલાપમાં અંધારું થઇ ગયું હતું. ધીરે ધીરે સૌ વીખરાવા લાગ્યા હતા.એક ભૈયાજી પણ ઊભા હતા. તેમણે મને પૂછ્યું, 'રાત કહાં રહેંગે?' મેં કહ્યું, 'યહીં પર.' તેણે કહ્યું, 'નહીં... યહાં તો જાન લેનેવાલી ઠંડ લગેગી. મેરે સાથ ચલિયે, મેરે યહાં મંદિરકી દલહાનમાં રહિયે.'હું તેમની સાથે ચાલ્યો. અહીં પેલા કરતાં ઠીક હતું. પેલા ડમરુધારી મહાત્મા પણ સાથે હતા. તેમણે મને કહ્યું કે કાલે મારી શિષ્યાને ત્યાં જમીને અહીંથી દૂર ભદ્રેશ્વર આપણે જઇશું. ત્યાં પાંચસો સાધુઓ ભેગા થવાના છે. મેં હકારમાં માથું હલાવ્યું. અને પછી કહ્યું, 'બંગાળમાં માછલીનો આહાર લોકો કરે છે. હું તમારી શિષ્યાને ત્યાં જમવા આવું પણ એવું કાંઇ તો તેઓ વાપરતા નથી ને?' તેમણે કહ્યું, 'ના... ના... એ વિધવા છે અને બંગાળમાં વૈધવ્ય પ્રાપ્ત થયા પછી માંસાહાર બંધ કરી દેવાય છે. તેની રસોઇ-ચૂલો બધું જુદું થઇ જાય છે. એટલે તમે કશી ચિંતા ન કરશો.' સૌ વીખરાયા અને હું સૂઇ ગયો. ઈશ્વરને આટલો જલદી મને ઠીકરું બનાવી દેવાની ઈચ્છા ન હતી એટલે તેણે આ વ્યવસ્થા કરી દીધી હતી. (પાછળથી ખબર પડી કે પેલા હાથ જોનારા બંગાળી વૃદ્ધ ત્યાંના પ્રસિદ્ધ યોગી હતા. તેઓ પિસ્તાળીસ વર્ષથી અન્ન લેતા ન હતા. પેલી વૃદ્ધાઓ તેમના જ કારણે પગે લાગવા આવી હતી.)બીજા દિવસે સવારે સ્નાન-સંધ્યા વગેરે થયું અને પેલા મહાત્મા આવી ગયા. તેઓ વારંવાર ડમરુ વગાડતા હતા, જેથી સૌ કોઇને તેમના આગમનની ખબર પડી જાય. મને કહે કે, 'ચાલો જમી લઇએ.' તેમની વિધવા શિષ્યાને ત્યાં જમીને અમે બન્ને દસ વાગ્યે એકસાથે ભદ્રેશ્વર જવા ચાલી નીકળ્યા.ફરી પાછો એ જ જીટી રોડ પકડ્યો. પેલા ડમરુવાળા સાધુ માર્ગમાં આવતી દુકાનો, ઘરો તથા ચાલીઓમાં પૈસો-પૈસો ઉઘરાવે. ડમરુ વગાડે. જોરજોરથી કોઇ વાર બંગાળીમાં કોઇ વાર હિન્દીમાં બોલે અને પૈસા લઇને ચાલે. તેમની આ પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી હું દૂર કોઇ સ્થળે ઊભો રહું. લોકો અમારી બંનેની ઉંમરના કારણે એમ સમજે કે તે ગુરુ છે અને હું તેમનો શિષ્ય છું. મને આ વાત ગમતી નહિ. છતાં બપોરના બાર વાગ્યા સુધી આવું ને આવું ચાલતું રહ્યું. અંતે મેં નિર્ણય કર્યો કે મારે આ સાધુનો સાથ છોડી દેવો જોઇએ, કારણ કે અમારા વિચારો તથા આચારોમાં કશો જ મેળ ન હતો. તે દોરાધાગા તથા ભૂતપ્રેત પણ કાઢતા.તેઓ જ્યૂટ મિલની કોઇ ચાલીમાં પૈસા માગવા ગયા કે હું એકલો ચાલી નીકળ્યો. પગના ફોલ્લા દુઃખ દેતા હતા, પણ હવે આંટણ પડવાના હતા. એટલે સહન થઇ શકતું હતું.

સાંજના ત્રણ વાગ્યે હું ભદ્રેશ્વર પહોંચ્યો. અહીંનું દશ્ય નિરાળું હતું. રેલવેની હદમાં એક મહાત્માએ રાતોરાત મંદિર ચણી નાખ્યું હતું. તેની પ્રતિષ્ઠા હતી. રેલવેના ઓફિસરો કશું કરી શકતા ન હતા. આપણા દેશની ધાર્મિક સ્થિતિ એવી છે કે ગમે ત્યારે ગમે ત્યાં રોડ વચ્ચે કે રેલવેની નજીકમાં વગર પરવાનગીએ કોઇ ધર્મસ્થાન ઊભું કરી દો. કોઇ હનુમાન, શિવ, દેવી, પીર, ઓલિયા કે કોઇની કબર. બસ, પછી તેને હટાવનાર કોઇ નહિ, કારણ કે લોકોની ધાર્મિક લાગણી દુભાશે તેવો હાઉ એવો ઊભો કરી દેવાયો છે કે ધર્મના નામે તમે ગમે તે કરી શકો છો. કાયદેસરનું બાંધકામ કરવું હોય તો પરવાનગી લેતાં મહિનાઓ, અરે, કેટલીક વાર તો વર્ષો લાગી જાય. પણ ગેરકાયદે બાંધકામ કરવું હોય તો તરત જ કરી શકાય અને તે પણ રોડ કે રેલની બાજુમાં જ. પાછળથી આ જ બાંધકામ ચલાવી લેવાય. કાયદેસરની જમીનમાં જો તમે માત્ર એક-બે ફૂટનો ઓટલો કે બે ફૂટનું છજ્જું બહાર કાઢો તો તોડી નંખાય. પણ વગરહકની જમીનમાં પહેલાં ઝૂંપડું અને પછી મકાન બાંધી કાઢો તોય કોઇ ના તોડે. મહાત્મા ગાંધીજીએ અન્યાયી કાયદા તોડવાનું આપણને શિખવાડ્યું હતું. આપણે તેનો વિસ્તાર હવે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કરી નાખ્યો છે. ધીરે ધીરે કાયદાના રાજ્ય કરતાં બિનકાયદાનું રાજ્ય વધુ વિસ્તૃત થઇ રહ્યું છે.

પેલા મહાત્માએ પણ રાતોરાત ભક્તસમૂહને ભેગો કરીને હનુમાનની દેરી ચણી નાખી હતી. અને તે નિમિત્તે બધા સાધુસંતોનો ભંડારો હતો. સવારથી જ ત્રણસો-ચારસો જેટલા બાવાઓ એકત્રિત થયા હતા. કેટલાક આજુબાજુના ગામોમાંથી નિમંત્રણથી આવ્યા હતા. કેટલાક મારા જેવા ભંડારાનું નામ સાંભળીને વગર નિમંત્રણે આવ્યા હતા. તરતની જ ચણાયેલી દેરી પાસે મંડપ બંધાયો હતો. મંડપની નીચે કેટલાક બાવાઓ ટોળે વળીને બેઠા હતા અને ગાંજાની ચલમો ફૂંકાતી હતી. વાતાવરણમાં ગાંજાની ગંધ પ્રસરી રહી હતી.



# કોકક્કો અને શાઈકા એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત, દીવાનિયત સ્ટાર પ્લસ પર આજથી સાંજે ૬ વાગ્યે પ્રસારિત થશે

## સુપરસ્ટાર આમિર ખાન તેની બહેન નિખાત ખાન માટે ખુશ છે કારણ કે તેણે તેના આગામી સ્ટાર પ્લસ શો દીવાનિયત માટે શુભેચ્છાઓ મોકલી છે! અંદર ડીટ્સ

તેના મનમોહક શોની શ્રેણીમાં, સ્ટાર પ્લસ શો દીવાનિયત સાથે વધુ એક આકર્ષક સાહસ રજૂ કરવા માટે તૈયાર છે જે ચાહકોને આકર્ષિત અને વ્યસ્ત રાખશે. આ શોમાં વિજયેન્દ્ર કુમેરિયા (દેવ), કૃતિકા સિંહ યાદવ (મન્નત), અને નવનીત મલિક (જીત) મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. શો દીવાનિયતના નિર્માતાઓએ તાજેતરમાં તેમના પ્રથમ રસપ્રદ પ્રોમો સાથે પ્રેક્ષકોની સારવાર કરી, જે જીત, મન્નત અને દેવની વાર્તા અને કેવી રીતે એક અણધાર્યા ઘટના તેમના જીવનમાં પરિવર્તન લાવે છે તે દર્શાવે છે.

આ ડાયનેમિક એન્સેમ્બલ કાસ્ટમાં બોલીવુડના દિગ્ગજ અભિનેતા આમિર ખાનની બહેન અભિનેત્રી નિખાત ખાન જોડાઈ રહી છે. દીવાનિયતમાં તેણીની હાજરી એ પ્રેક્ષકો માટે આનંદદાયક આશ્ચર્યનું વચન આપે છે, જેઓ શોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. નિખત ખાન એ મનોરંજન ઉદ્યોગમાં એક આદરણીય વ્યક્તિ છે, જે તેના પ્રભાવશાળી અને નોંધપાત્ર અભિનય માટે વખણાય છે. તે અસંખ્ય ફિલ્મો અને જાહેરાતોમાં જોવા મળી છે. હવે, દીવાનિયત સાથે, તે મનોરંજનના નવા ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી છે, અને તેણીને તેના જીવનની આ નવી સફર શરૂ કરતી જોવાનું રોમાંચક હશે.

હૃદયસ્પર્શી હાવભાવમાં, બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાને તેની બહેન નિખાત ખાન માટે તેની હૃદયપૂર્વકની ઈચ્છા વ્યક્ત કરી છે કારણ કે તે સ્ટાર પ્લસના શો દીવાનિયત સાથે આ નવું સાહસ શરૂ કરે છે. આમિર ખાને સોશિયલ મીડિયા પર તેની ઉષ્માભરી અને શુભેચ્છાઓ શેર કરી, જે શોના લોન્ચિંગની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહેલા ચાહકો માટે એક સ્પર્શનીય ક્ષણ બનાવી. દીવાનિયત શોની પ્રતિકાત્મક ફિલ્મ કયામત સે કયામત તકની જેમ જ ક્લાસિક થીમ છે અને તે આપણને સમયસર પાછો લઈ જાય છે અને કલ્ટ ક્લાસિકની યાદ અપાવે છે! શો દીવાનિયતમાં આ પ્રતિકાત્મક પ્રેમકથાના જાદુને જોવા માટે અમે રાહ જોઈ શકતા નથી!



# આમિર-અજયને ફરી 'ઈશ્ક' કરવાની ઈચ્છા

આમિર ખાન અને અજય દેવગને માત્ર એક જ ફિલ્મમાં સાથે કામ કર્યું છે. ૧૯૯૭ના વર્ષમાં બ્લોકબસ્ટર રહેલી 'ઈશ્ક' પછી તેઓ ક્યારેય ઓનસ્ક્રિન સાથે જોવા મળ્યા નથી. આ ફિલ્મના ડાયરેક્ટર-પ્રોડ્યુસર ઈન્દર કુમારના દીકરા અમનની પહેલી ફિલ્મ 'તેરા યાર હૂં મૈં'ની લોન્ચ માટે મુંબઈમાં એક ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે આમિર અને અજયે ઈન્દરકુમાર તથા ડાયરેક્ટર મિલાપ ઝવેરી સાથે જૂની યાદો વાગોળી હતી. 'તેરા યાર હૂં મૈં'ની લીડ કાસ્ટ અમન અને આકાંક્ષા શર્માને બંને સુપરસ્ટાર્સે શુભેચ્છા આપી હતી. આ સાથે પરેશ રાવલ, જાવેદ જાફરી, આફતાબ શિવદાસાની, જહોની લીવર જેવા જાણીતાં એક્ટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલ બોલિવૂડમાં સીક્વલનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે ત્યારે આમિર અને અજયે 'ઈશ્ક'ને યાદ કરી તેની સીક્વલ બનાવવા ઈન્દર કુમારને જણાવ્યું હતું. ઈન્દર કુમારે પણ તેમના સૂચનને વધાવી લેતાં 'ઈશ્ક'ની સીક્વલ બનવાની અટકળો શરૂ થઈ હતી.

### બાહુબલિની દેવસેના 'ઘાટી'માં બનશે લેડી 'પુષ્પા'

# અનુષ્કા શેટ્ટીની આગામી ફિલ્મ પાન ઈન્ડિયા રિલીઝ થશે

બાહુબલિમાં દેવસેનાનો યાદગાર રોલ કરનારી અનુષ્કા શેટ્ટીની પાન ઈન્ડિયા ફિલ્મનું એલાન થયું છે. અનુષ્કાના ૪૩મા જન્મદિને 'ઘાટી'ની ઝલક શેર કરવામાં આવી હતી. જેમાં અનુષ્કા શેટ્ટીના ચહેરા પર ગુસ્સો, હાથમાં ચલમ અને આસપાસ લાશોના ઢગલા જોવા મળે છે. અનુષ્કાએ આ ફિલ્મમાં ખૂંખાર ડોનનો રોલ કર્યો છે. 'પુષ્પા'માં અલ્લુ અર્જુનની જેમ 'ઘાટી'માં અનુષ્કા શેટ્ટીને જંગલના માફિયા ડોન તરીકે રજૂ કરવામાં આવી છે.

હિન્દી ફિલ્મોમાં એક્શન ક્વીન તરીકે દીપિકા પાદુકોણનો સિક્કો જામી રહ્યો છે ત્યારે સાઉથમાંથી અનુષ્કા શેટ્ટીએ ખૂંખાર ડોન બનવા કમર કસી છે. એક્ટરના ખૂંખાર અવતારને રજૂ કરતી 'ઘાટી'નું ડાયરેક્શન ક્રિશ જગરલામુડીએ કર્યું છે. મેકર્સે શેર કરેલા ટીઝરમાં તેને ખૂંખાર અને ઘાતકી ગણાવવામાં આવી છે. આ ફિલ્મને




હિન્દી ઉપરાંત તમિલ તેલુગુ કન્નડ અને મલયાલમમાં રિલીઝ કરાશે.

'ઘાટી'નું બેકગ્રાઉન્ડ રૂરલ છે. પહાડીઓથી ઘેરાયેલા વિસ્તારમાં અનુષ્કાનું રાજ ચાલે છે. તેણે સાડી સાથે પરંપરાગત આભૂષણો પહેરેલા છે અને કાંડા પર ટેટૂ છે. જેને જોતાં જંગલ વિસ્તારમાં આ ફિલ્મ બની હોય તેમ જણાય છે. તે બસમાં બેઠેલા માણસનું ગળું કાપી નાખે છે, જેને જોતાં 'બાહુબલિ' અને 'રુદ્રમાદેવી'ની અનુષ્કા યાદ આવી જાય છે. ઠંડા કલેજે હત્યા બાદ તે પોતાની ઝૂંપડી તરફ પાછી ફરે છે અને તેના હાથમાં કપાયેલું માથું છે. આ સમયે તે ચલમ સળગાવે છે. ફિલ્મમાં ક્રાઈમ અને નાર્કોટિક્સની સાથે જંગલ વિસ્તારના માફિયારાજની સ્ટોરી હોય તેમ જણાય છે.

આ ફિલ્મમાં એક મહિલાને એટલે કે અનુષ્કાને ગુનાખોરીથી પીડિત મહિલામાંથી માસ્ટરમાઈન્ડ ક્રિમિનલ બનતી બતાવવામાં આવી છે. ગાંજા જેવા માદક પદાર્થની તસ્કરી સાથે તે સંકળાયેલી છે અને તેને 'ઘાટી'ની રાણી તરીકે ઓળખવામાં આવે છે. અનુષ્કા શેટ્ટીની છેલ્લી ફિલ્મ 'મિસ્ટર પોલીશેટ્ટી' ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ રોમેન્ટિક કોમેડીને પાન ઈન્ડિયા રિલીઝ કરાઈ ન હતી, પરંતુ અનુષ્કાની આગામી ફિલ્મને મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે. તેની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી.

# સલામતીની ચિંતાઃ સલમાને ૪ લેયર સિક્યુરિટી કવર સાથે ફિલ્મનું શૂટિંગ કર્યું

બિશ્નોઈ સમાજ માટે સન્માનીય ગણાતા કાળિયારના શિકાર મામલે સલમાન ખાનને સતત ધમકીઓ મળી રહી છે. શરૂઆતમાં દબંગ સ્ટારે આ ધમકીઓને ગંભીરતાથી લીધી ન હતી. જો કે મુંબઈમાં અગ્રણી નેતા અને સલમાન સાથે નિકટતા ધરાવતા બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાન ખાન અને તેના ચાહકોની ચિંતા વધી છે. સલમાન ખાન હાલ હૈદરાબાદમાં આગામી ફિલ્મ સિકંદરનું શૂટિંગ ચાલી રહ્યું છે. શૂટિંગ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર હોટલની ચુસ્ત કિલ્લેબંધી કરવામાં આવી છે અને સલમાન ખાન ૪ લેયર સિક્યુરિટી કવરમાં શૂટિંગ કરી રહ્યા છે.

હૈદરાબાદની ફલકનુમા પેલેસ હોટલમાં 'સિકંદર'નું શૂટિંગ ચાલી રહ્યું છે અને આ હોટલના મોટાભાગના હિસ્સામાં ફિલ્મના સ્ટાફ સિવાય કોઈને પ્રવેશ નથી. 'સિકંદર' માટે હૈદરાબાદ શહેરમાં બે સેટ ઊભા કરાયા છે, જ્યારે મુખ્ય સેટ હોટલમાં છે. હોટલના એક હિસ્સામાં જ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે, પરંતુ પ્રોડક્શન ટીમે સમગ્ર હોટલને અભેદ્ય કિલ્લામાં ફેરવી દીધી છે. હોટલમાં આવતાં કોઈ પણ ગેસ્ટને બે લેવલ સ્ક્રિનિંગમાંથી પસાર થવું પડે છે. હોટલના સ્ટાફ અને સલમાનની સિક્યુરિટી દ્વારા દરેક ગેસ્ટની ચકાસણી થાય છે અને ત્યારબાદ જ પ્રવેશ અપાય છે. આ ઉપરાંત અગાઉથી મંજૂરી લીધેલી હોય તેવા લોકોને જ પ્રવેશ અપાય છે. તે પૂર્વે ઓળખપત્રો અને વ્યક્તિનું બેકગ્રાઉન્ડ પણ તપાસી લેવાય છે. સ્ટાફનું પણ નિયમિત ચેકિંગ થાય છે અને કામની અદલા-બદલી પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

હોટલમાં પ્રવેશ માટેના બે લેયર બાદ બે સિક્યુરિટી એજન્સી દ્વારા ચકાસણી થાય છે. સલમાને આ વખતે સિક્યુરિટી માટે ખાસ એજન્સી પસંદ કરી છે, જેમાં પૂર્વ એનએસજી કમાન્ડો અને પોલીસ કર્મચારીઓ છે. સલમાનના ૪ લેયર સિક્યુરિટી કવરમાં પૂર્વ પેરામિલિટ્રી કમાન્ડો પણ છે. સલમાનના વિશ્વાસુ બોડીગાર્ડ શેરાએ પસંદ કરેલા લોકોની અલગ ટીમ છે અને તેના માટે હૈદરાબાદ તથા મુંબઈ પોલીસ પાસેથી મંજૂરી પણ લેવામાં આવી છે. સલમાન ખાનની ચારે તરફ ૫૦થી ૭૦ જેટલા જવાનો સિક્યુરિટી માટે ફરતા રહે છે.

રશ્મિકા મંદાના સાથે 'સિકંદર'ના શૂટિંગ પછી સલમાન ખાન દુબઈમાં દ-બંગ ટૂર માટે જવાના છે. ગુરુવારે રાત્રે બિશ્નોઈ ગેંગ દ્વારા વધુ એક વખત કથિત ધમકી અપાઈ હોવાના કારણે સલમાનની આ ટૂરમાં પણ સલામતી બાબતે ચિંતા વધી છે. બિશ્નોઈ ગેંગનો કથિત મેસેજ મોડી રાત્રે મુંબઈ ટ્રાફિક કંટ્રોલ રૂમમાં આવ્યો હતો. આ મેસેજમાં લોરેન્સ અને સલમાનને સાંકળતું ગીત તૈયાર કરનારા ગીતકારને પણ ધમકી અપાઈ હતી. સલમાનને પાછલા ચારેક મહિનામાં પાંચમી ધમકી મળી છે. અગાઉ પાંચમી નવેમ્બરે મુંબઈ પોલીસને ધમકી અપાઈ હતી, જેમાં સલમાન ખાન માફી માગે અને રૂ.પાંચ કરોડ આપે તો જ જીવિત રહેશે, તેમ જણાવાયુ હતું. સલમાનને ધમકી આપવા અને તેના ઘરની બહાર હથિયારો સાથે ફરવા બાબતે પોલીસે આરોપીઓને પકડી લીધા છે. જો કે મુંબઈમાં બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાન ખાન કોઈ જોખમ લેવા તૈયાર નથી.



# કરણ જોહરના બે ચાંદ, અનન્યા પાંડે અને લક્ષ્ય લાલવાણી

હિન્દી ફિલ્મોમાં જાજરમાન લવ સ્ટોરીનો જમાનો શરૂ કરનારા કરણ જોહરે ફરી એક વાર પોતાની ફેવરિટ જોનર પર હાથ અજમાવ્યો છે. કરણ જોહરે પોતાની આગામી ફિલ્મ એનાઉન્સ કરતી વખતે અનન્યા પાંડે અને લક્ષ્ય લાલવાણીને પોતાના બે ચાંદ ગણાવ્યા છે. કરણ જોહરના પ્રોડક્શન બેનર હેઠળ 'ચાંદ મેરા દિલ'નું આયોજન થયું છે, જે ૨૦૨૫માં રિલીઝ થશે. જોહરે ફિલ્મ એનાઉન્સ કરતા ચાર પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. જેમાં જણાવ્યું હતું કે, અમારી પાસે બે ચાંદ તૈયાર છે. તેઓ ઈન્ટેન્સ અને પેશનેટ લવસ્ટોરી લાવી રહ્યા છે. પ્યાર મેં થોડા પાગલ હોના પડતા હૈ. અનન્યા અને લક્ષ્ય પહેલી વાર કોઈ ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા છે. લક્ષ્યની છેલ્લી ફિલ્મ રાઘવ જુયાલ સાથેની એક્શન થ્રિલર 'કિલ' હતી, જ્યારે અનન્યા છેલ્લે વિહાન સામત સાથે 'ઝ્ઈન'માં જોવા મળી હતી. અનન્યા પાંડેને કરણ જોહર પોતાની ફેવરિટ સ્ટાર ગણાવી ચૂક્યા છે. જ્યારે લક્ષ્ય સાથે અગાઉ કરણે 'કિલ' બનાવી હતી.

કરણ જોહરની કેટલીક ફિલ્મો થીયેટરના બદલે સીધી્ પર રિલીઝ થયેલી છે. 'ચાંદ મેરા દિલ'ને થીયેટરમાં દર્શાવાશે કે તેનું પ્રોડક્શન શરૂ કરતાં પહેલાં જ કરણ જોહરે કોઈ્ પ્લેટફોર્મ સાથે ડીલ કરેલી છે, તે અંગે માહિતી બહાર આવી નથી. જો કે કરણની આ ફિલ્મમાં વિદેશના ભવ્ય લોકેશન્સ પર કલરફૂલ રોમેન્ટિક ગીતોની ભરમાર જોવા મળશે તે નક્કી છે.




### વિક્રાંત મેસ્સીને 'ધ સાબરમતી રિપોર્ટ' માટે ધમકીઓ મળી

# ૨૦૦૨ના ગોધરા કાંડ અને રમખાણો પર આધારિત છે ફિલ્મ

વિક્રાંત મેસ્સીની 'ધ સાબરમતી રિપોર્ટ' અંતે ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ રહી છે, આ ફિલ્મ ૨૦૦૨ના ગોધરાકાંડ અને ત્યાર પછીના રમખાણો પર આધારીત છે, જે બિલકુલ સત્ય ઘટનાઓ અને માહિતી પર આધારીત છે. આ ફિલ્મ માટે વિક્રાંત મેસ્સીને સોશિયલ મીડિયા પર ધમકીઓ મળી રહી છે. આ ફિલ્મમાં વિક્રાંત એક સ્થાનિક પત્રકારની ભૂમિકામાં જોવા મળશે.

આ થ્રિલર ફિલ્મમાં વિક્રાંત મેસ્સી એક એવા પત્રકારના રોલમાં છે, જે આ ઘટનાની તપાસ કરી રહ્યો છે. આ અંગે ફિલ્મના ડિરેક્ટર ધીરજ સરણાએ કહ્યું હતું કે આ ફિલ્મ એક બિલકુલ સત્ય ઘટનાઓ પરથી પ્રેરિત ફિલ્મ છે. એકતા કપુર આ ફિલ્મની પ્રોડ્યુસર છે. આ ફિલ્મમાં વિક્રાંતની સાથે રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ મહત્વના રોલમાં જોવા મળશે.આ ફિલ્મના ટ્રેલર લોંચ વખતે ઈન્ટરવ્યુમાં પોતાને મળતી ધમકીઓ અંગે વિક્રાંત મેસ્સીએ જણાવ્યું, "મને ધમકીઓ મળી રહી છે. તેના તરફ ધ્યાન આપ્યા વિના હું અને અમે એક ટીમ તરીકે તેનો સામનો કરી રહ્યા છીએ."

ગુજરાતના રમખાણો અંગેના પ્રશ્નના જવાબમાં વિક્રાંતે કહ્યું, "પરંતુ અમે કલાકારો છીએ અને અમે લોકોને વાર્તાઓ કહીએ



છીએ. આ ફિલ્મ બિલકુલ સત્ય પર આધારીત ફિલ્મ છે. કમનસીબે તમે ફિલ્મ જોઈ નથી તેથી તમે આ અંગે એવી કોઈ પૂર્વધારણા ન બાંધી શકો કે આ ફિલ્મ માત્ર એક તરફી દ્દષ્ટિકોથી જ બની હશે."વિક્રાંતે આગળ કહ્યું, "આ ફિલ્મમાં જે પણ દર્શાવાયું છે, એ દરેક ઘટના સાથે હું મારી જાતને જોડી શકું છું, આપણે અખબાર વાંચીએ છીએ અને ભુલી જઈએ છીએ. પરંતુ આ મારા મનમાં જડાઈ ગયું છે. આ આપણું ૯/૧૧ હતું, જેણે આપણી સામાજિક-રકાજકીય સ્થિતિને રાતોરાત બદલી નાંખી."

આ ઘટના જટિલ છે અને એટલે જ તેની વાર્તા પણ જટિલ છે. આ અંગે એકતા કપુરે કહ્યું હતું, "આ માત્ર એક દ્દષ્ટિકોણ નથી, પણ પહેલો દ્દષ્ટિકોણ છે. આમ અમે પહેલી દ્દષ્ટિએ જે જાણવા મળ્યું તે કોઈ જ માહિતી છુપાવ્યા વિના કહેવાની કોશિશ કરી રહ્યા છીએ. કમનસીબે, આ દ્દષ્ટિકોણ કે આ બધું કઈ રીતે શરુ થયું, તેની ખાસ કોઈ નોંધ લેવાઈ નથી. એક વાર્તા કહીએ તેનો મતલબ એવો નથી કે બીજા કોઈને ઓછું મહત્વ આપીએ છીએ."આ ફિલ્મની વાર્તા અંગે વાત કરતાં એકતા કપુરે જણાવ્યું, "હિન્દુ હોવુ મતલબ બિનસાંપ્રદાયિક હોવું. હું હિન્દુ છું એટલે હું બીજા કોઈ ધર્મ વિશે કોઈ નિવેદન કરીશ એવું ક્યારેય કરીશ નહીં. મને દરેક ધર્મ પ્રત્યે પ્રેમ છે. તમે ફિલ્મ જોવાની જરૂર છે. સાથે જ હું કોઈ ધર્મનું નામ લીધા વિના કે કેને નુકસાન પહોંચાડ્યા વિના જે ગુનેગાર છે તેનું નામ પણ લઈશ જ. એ જ એક વાર્તા કહેનારની ખરાઈ છે." સાથે એકતાએ કોઈ પણ રાજકીય પક્ષ સાથે આ અંગે વાત ન કરી હોવાની અને કોઈનો સહકાર ન લીધો હોવાની પણ વાત કરી હતી.

# કેપ્ટન સૂર્યકુમારે બેટ્સમેનોના ખરાબ પ્રદર્શન વિશે જણાવ્યું ચોંકાવનારું કારણ




ભારતીય ટીમને દક્ષિણ આફ્રિકા સામેની બીજી T20 મેચમાં 3 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી ખૂબ જ ખરાબ બેટિંગ પ્રદર્શન જોવા મળ્યું હતું જેમાં પહેલા રમતા ભારતીય ટીમ 20 ઓવરમાં માત્ર 124 રન જ બનાવી શકી હતી.

સાઉથ આફ્રિકા સામે રમાઈ રહેલી ચાર મેચોની T20 શ્રેણીની બીજી મેચમાં ભારતીય ટીમને ત્રણ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી ખૂબ જ ખરાબ બેટિંગ પ્રદર્શન જોવા મળ્યું હતું, જેમાં ટોસ હારીને પ્રથમ બોલિંગ કરવા આવેલી ભારતીય ટીમ 20 ઓવરમાં 6 વિકેટના નુકસાન પર 124 રન જ બનાવી શકી હતી. આફ્રિકન ટીમે આ લક્ષ્યાંક 19 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો અને શ્રેણી 1-1થી બરાબર કરી લીધી. આ મેચ બાદ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે બેટ્સમેનોના ખરાબ પ્રદર્શનને હારનું સૌથી મોટું કારણ ગણાવ્યું હતું.

સૂર્યકુમાર યાદવે દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટી-20 મેચમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ કહ્યું હતું કે તમારે જે પણ સ્કોર તેનો બચાવ કરવાનો પ્રયાસ કરવો જોઈએ પરંતુ તમે ક્યારેય બોર્ડ પર 125 કે 140નો સ્કોર નથી ઈચ્છતા. આમ છતાં, હું અમારા બોલરોના પ્રદર્શનથી ખૂબ જ ખુશ છું જેણે આ મેચને ખૂબ જ રોમાંચક બનાવી હતી. તે જ સમયે, સૂર્યાએ વરુણ ચક્રવર્તીના પણ વખાણ કર્યા, જેમના વિશે તેણે કહ્યું કે ટી-20 મેચમાં 5 વિકેટ લેવી મોટી વાત છે અને આવા સંજોગોમાં. વરુણે તેની રમતમાં ઘણો સુધારો કર્યો છે અને તેની મહેનતનું પરિણામ હવે આપણે બધા જોઈ રહ્યા છીએ. આ શ્રેણીમાં હજુ 2 વધુ મેચ બાકી છે અને મને આશા છે કે ચાહકોમાં ઘણો ઉત્સાહ જોવા મળશે. આ મેચમાં ભારતીય ટીમની હાર સાથે, T20 ઈન્ટરનેશનલમાં તેની 11 જીતનો સિલસિલો પણ સમાપ્ત થઈ ગયો છે.

# મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીનો ચક્રવ્યૂહ..! સાઉથ આફ્રિકાના બેટ્સમેનોને કરી દીધા પરસેવે રેબઝેબ

સાઉથ આફ્રિકા સામેની બીજી T20 મેચ દરમિયાન ટીમ ઈન્ડિયાનો એક એક ખેલાડી એવો ચમક્યો કે દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન એક પછી એક આઉટ થતા રહ્યા. આ ખેલાડીને મિસ્ટ્રી સ્પિનર પણ કહેવામાં આવે છે અને તેનું નામ વરુણ ચક્રવર્તી છે.




ચક્રવર્તીએ ભારતીય ટીમને ખરાબ પરિસ્થિતિમાંથી મેચમાં પરત લાવીને હલચલ મચાવી હતી. દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન સમજી શક્યા ન હતા કે શું થઈ રહ્યું છે. આ શાનદાર બેટ્સમેન વરુણની સામે આઉટ થતો જોવા મળ્યો હતો. તેણે તેના ચાર ઓવરના સ્પેલમાં દક્ષિણ આફ્રિકાને સ્તબ્ધ કરી દીધું હતું. એડન માર્કરામને આઉટ કરીને વરુણે દક્ષિણ આફ્રિકાની ઇનિંગ્સની બીજી વિકેટ લીધી હતી.

આ પછી, બેટ્સમેનો પાસે તેના રહસ્યમય બોલનો કોઈ જવાબ ન હતો. બેટ્સમેનો એક પછી એક આઉટ થતા રહ્યા. વરુણ બોલ હેટ્રિક સુધી પહોંચી ગયો હતો. તેણે તેની ચોથી ઓવરમાં પાંચમી વિકેટ લીધી હતી.

વરુણના બોલ પર આઉટ થયેલા બેટ્સમેનોમાં માર્કરામ, હેન્ડ્રિક્સ, જેન્સેન, ક્લાસેન અને ડેવિડ મિલરનો સમાવેશ થાય છે. તેણે પોતાની ચાર ઓવરમાં 17 રન આપીને 5 વિકેટ લીધી હતી. તાજેતરમાં, KKRએ તેને IPLની આગામી સિઝન માટે જાળવી રાખ્યો છે. વરુણ ચક્રવર્તીને 11 કરોડ રૂપિયામાં રિટેન કરવામાં આવ્યો છે.

# હરિસ રઉફે વિકેટ લઈને હાર્દિકની નકલ કરતો જોવા મળ્યો, વીડિયો થયો વાયરલ

પર્થમાં પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી વનડે દરમિયાન હરિસ રૌફે શાનદાર બોલિંગ કરી હતી. છેલ્લી બે મેચોની જેમ તેણે ફરી એકવાર ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોને પોતાની ગતિથી પરેશાન કર્યા હતા. આ મેચમાં તેણે બે વિકેટ ઝડપી હતી. આ દરમિયાન જ્યારે તેણે પહેલી વિકેટ લીધી ત્યારે એક અદભૂત નજારો જોવા મળ્યો.




વિકેટ લીધા બાદ રઉફે એક એવું સેલિબ્રેશન કર્યું કે જેને હાર્દિક પંડ્યાની યાદ અપાવી. તે પર્થના મેદાન પર પંડ્યાની નકલ કરતો જોવા મળ્યો હતો, જે બાદ તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

ઓસ્ટ્રેલિયાએ 13 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 65 રન બનાવ્યા હતા. આ પછી હરિસ રઉફ 14માં બોલિંગ કરવા આવ્યો હતો. રઉફે આ ઓવરના 4 બોલમાં 7 રન આપ્યા હતા. ત્યારબાદ તેણે આગલો બોલ શોર્ટ પીચ લેન્થ પર ફેંક્યો. જો કે આ બોલ માત્ર 134.8 ની ઝડપે ફેંકવામાં આવ્યો હતો, પરંતુ પર્થની ઝડપી પીચ પર મેથ્યુ શોર્ટ યોગ્ય રીતે મારી શક્યો ન હતો અને મિડ-વિકેટ પર કેચ થયો હતો. આ પછી, હરિસ રઉફે તેના બંને હાથ ફેલાવીને અને ખભા ઉંચા કરીને ઉજવણી કરી હતી. T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે શાદાબ ખાનને આઉટ કર્યા બાદ હાર્દિક પંડ્યાએ પણ આવી જ રીતે ઉજવણી કરી હતી.

ઓસ્ટ્રેલિયા સામેની 3 મેચની વનડે સિરીઝમાં હરિસ રઉફનો દબદબો જોવા મળ્યો હતો. પર્થમાં તેણે 7 ઓવરમાં 24 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. તેના શાનદાર પ્રદર્શનના આધારે પાકિસ્તાનની ટીમે ઓસ્ટ્રેલિયાને 140 રનમાં આઉટ કરી દીધું હતું, જેનો બેટ્સમેનોએ સરળતાથી પીછો કરીને મેચ જીતી લીધી હતી. આ મેચમાં રઉફને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો. પ્રથમ બે મેચમાં પણ તેણે ઘાતક બોલિંગ કરી હતી.

# ટીમ ઇન્ડિયાની વધી મુશ્કેલી, રોહિત શર્મા નહી જાય ઓસ્ટ્રેલિયા!



ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા ભારતીય ટીમ સાથે ઓસ્ટ્રેલિયા નહીં જાય. જો કે, રોહિત પર્થમાં યોજાનારી પ્રથમ ટેસ્ટ મેચમાં ભાગ લેશે કે કેમ તે અંગે હજુ સુધી ચિત્ર સ્પષ્ટ થયું નથી. હિટમેન બહુ જલ્દી બીજી વખત પિતા બનવા જઈ રહ્યો છે અને તેના કારણે તે સીરિઝની પહેલી કે બીજી મેચ ચૂકી શકે છે. મહત્વનું છે કે બોર્ડર-ગાવસ્કર શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ 22 નવેમ્બરથી શરૂ થવાની છે.

બોર્ડર-ગાવસ્કર સિરીઝની શરૂઆત પહેલા જ ટીમ ઈન્ડિયા માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. કેપ્ટન રોહિત શર્મા ભારતીય ટીમ સાથે ઓસ્ટ્રેલિયા નહીં જાય તેવી ચર્ચાઓ તેજ બની છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતી વખતે બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે રોહિત ટીમ સાથે ઓસ્ટ્રેલિયા નહીં જાય, પરંતુ હજુ એ સ્પષ્ટ નથી થયું કે તે પ્રથમ ટેસ્ટ મેચ મિસ કરશે કે નહી. તેને લઇને હજી ચિત્ર સ્પષ્ટ થયુ નથી. રોહિત બીજી વખત પિતા બનવા જઇ રહ્યો છે તેના કારણે તે સીરિઝની પ્રથમ કે બીજી ટેસ્ટ મેચ મિસ કરી શકે છે. . જો કે સત્તાવાર આવી કોઇ જાહેરાત થઇ નથી.

ભારતીય ટીમે બે ગ્રુપમાં ઓસ્ટ્રેલિયા માટે રવિવાર અને સોમવારે રવાના થશે. ન્યૂઝીલેન્ડ સામેની મુંબઈ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ ખુદ રોહિતે પણ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. ત્યારે રોહિતે કહ્યું હતું કે તે પોતે નથી જાણતો કે તે ટીમ સાથે ઓસ્ટ્રેલિયા જશે કે નહીં. જોકે, શરૂઆતથી જ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે તે પર્થમાં 22મી નવેમ્બરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચ મિસ કરી શકે છે.

જો રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પર્થમાં રમાનારી પ્રથમ ટેસ્ટ મેચ ચૂકશે તો ટીમ ઈન્ડિયાની કમાન તેના સ્થાને જસપ્રિત બુમરાહના હાથમાં હશે. રોહિત પ્રથમ ટેસ્ટ નહીં રમે તો કેપ્ટન કોણ હશે? આ સવાલના જવાબમાં ગૌતમ ગંભીરે કહ્યું, 'જસપ્રિત બુમરાહ વાઇસ કેપ્ટન છે. જો રોહિત ચૂકશે તો બુમરાહ કેપ્ટન રહેશે. બોર્ડર-ગાવસ્કર શ્રેણી માટે બુમરાહને વાઇસ કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી છે.

# રોહિત-વિરાટ વચ્ચે થશે 'નંબર 1'ની રેસ બન્નેના નિશાને છે બાબર આઝમનો રેકોર્ડ

ભારતીય ક્રિકેટ ટીમ રોહિત શર્માની કપ્તાનીમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જઈ રહી છે. ત્યાં 22 નવેમ્બરથી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શરૂ થવા જઈ રહી છે. આ 5 ટેસ્ટ મેચ ટીમ ઈન્ડિયા માટે કોઈ લિટમસ ટેસ્ટથી ઓછી નથી. ન્યુઝીલેન્ડ સામે સતત 3 ટેસ્ટ મેચ હાર્યા બાદ રોહિત શર્મા પર ઘણું દબાણ છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલમાં પહોંચવાની આશા પણ ઠગારી નીવડી છે. હવે ભારતે ટાઈટલ મેચ સુધી પહોંચવા માટે ચમત્કારિક પ્રદર્શન કરવું પડશે.




ન્યુઝીલેન્ડ સામેની સિરીઝમાં ખરાબ પ્રદર્શન કરનારા ભારતીય દિગ્ગજ બેટ્સમેનો પાસેથી ઓસ્ટ્રેલિયામાં મોટી ઇનિંગ્સની અપેક્ષા છે. કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી હોમ ગ્રાઉન્ડ પર ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા. છેલ્લી 5 ટેસ્ટ મેચ કેપ્ટન રોહિત માટે દુઃસ્વપ્નથી ઓછી નથી. તે 10 ઈનિંગ્સમાં માત્ર એક જ અડધી સદી ફટકારી શક્યો છે. છેલ્લી 10 ઈનિંગ્સમાં તેના ખાતામાં માત્ર 133 રન છે. જ્યારે વિરાટે 5 મેચમાં 192 રન બનાવ્યા હતા.

હવે વિરાટ અને રોહિત ઓસ્ટ્રેલિયામાં પોતાના ફોર્મમાં પરત ફરવા માંગશે. ઘણા રેકોર્ડ પણ તેના નિશાના પર હશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ઈતિહાસમાં રન બનાવવાના મામલે બંને ભારતના ટોચના બેટ્સમેન છે. રોહિત આ ટૂર્નામેન્ટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. તેણે 37 ટેસ્ટ મેચની 64 ઈનિંગ્સમાં 2685 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન હિટમેને 9 સદી અને 8 અડધી સદી ફટકારી છે.

વિરાટની વાત કરીએ તો તેણે 41 ટેસ્ટ મેચમાં 2427 રન બનાવ્યા છે. તેની એવરેજ 36.77 રહી છે. વિરાટે 4 સદી અને 11 અડધી સદી ફટકારી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં તે 12મા સ્થાને છે. તે રોહિતથી 258 રન પાછળ છે. ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં બંને વચ્ચે રસપ્રદ મુકાબલો જોવા મળશે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પછી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત માટે બેમાંથી કોણ ટોપ સ્કોરર બને છે તે જોવું રહ્યું.

વિરાટ અને રોહિત પાસે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ રન બનાવવાના મામલે પાકિસ્તાની બેટ્સમેન બાબર આઝમને પાછળ છોડવાની તક હશે. બાબર 32 મેચમાં 2760 રન સાથે પાંચમા સ્થાને છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતના નિર્ણયથી બોખલાયું પાકિસ્તાન, કોર્ટમાં કરશે કેસ

ક્રિકેટના મેદાનની બહાર ભારત અને પાકિસ્તાન વચ્ચે એક અલગ જ યુદ્ધ ચાલી રહ્યું છે. આવતા વર્ષે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું આયોજન પાકિસ્તાન કરશે. પરંતુ તે પહેલા પણ પાકિસ્તાન મેદાનની બહાર ભારત સામે હારી ગયું હતું. વાસ્તવમાં, તાજેતરમાં જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સ્પષ્ટ કર્યું છે કે તે પોતાની ટીમને પાકિસ્તાન પ્રવાસ પર નહીં મોકલે. BCCIએ આ વાત ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ને જણાવી છે. આવી સ્થિતિમાં, ICC આ ટૂર્નામેન્ટ હાઇબ્રિડ મોડલ હેઠળ યોજવાનું આયોજન કરી રહ્યું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના આ પગલાથી ખળભળાટ મચી ગયો છે. તેણે ભારત સામે કોર્ટ કેસ કરવાની ધમકી આપી છે.



જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો ICCએ પીસીબીને ઈમેલ દ્વારા ભારતીય બોર્ડના વલણની જાણકારી આપી છે. કહ્યું કે ભારતીય ટીમ સુરક્ષા કારણોસર પાકિસ્તાનનો પ્રવાસ કરી શકશે નહીં. ભારત સરકારે ટીમને મંજૂરી આપી નથી. ICCએ PCBને ભારતીય મેચો અન્ય દેશમાં યોજવાની માંગ કરી છે. અહેવાલો અનુસાર, PCB તરફથી આ માહિતી મળ્યા પછી, પાકિસ્તાન સરકાર પણ નારાજ થઈ ગઈ. તેમણે બોર્ડને કડક વલણ અપનાવવા જણાવ્યું છે. હવે PCB હાઇબ્રિડ મોડલ માટે તૈયાર નથી.

પાકિસ્તાની મીડિયા અનુસાર, PCB હવે પાકિસ્તાનના કાયદા મંત્રાલયના સંપર્કમાં છે અને કાયદાકીય સલાહ લઈ રહ્યું છે. પાકિસ્તાની બોર્ડ આ મામલાને કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (CAS)માં લઈ જવા પર પણ વિચાર કરી રહ્યું છે. આ કોર્ટમાં વિશ્વભરમાંથી રમતગમતને લગતા કેસ લડવામાં આવે છે.

# રાહુલ દ્રવિડના પુત્રની લાગી લોટરી, અંડર-16 વિજય મર્ચન્ટ ટ્રોફીમાં રમતો જોવા મળશે

રાહુલ દ્રવિડે ક્રિકેટની દુનિયામાં પોતાની અલગ ઓળખ બનાવી છે. તેણે કોચ તરીકે પણ ઘણી સફળતા મેળવી છે. તેમના કોચિંગમાં જ ટીમ ઈન્ડિયાએ 17 વર્ષ બાદ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. હવે તેના પુત્રો ક્રિકેટની દુનિયામાં પોતાની ઓળખ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેના મોટા પુત્ર સમિત દ્રવિડને હાલમાં જ અંડર-19 ટીમમાં જગ્યા મળી છે. હવે તેમના નાના પુત્ર વિશે એક સારા સમાચાર સામે આવ્યા છે.



રાહુલ દ્રવિડનો નાનો પુત્ર અન્વય દ્રવિડ વિકેટકીપર બેટ્સમેન છે. તેને અંડર-16 વિજય મર્ચન્ટ ટ્રોફી માટે કર્ણાટકના સંભવિત ખેલાડીઓની યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. આ ટુર્નામેન્ટ 6 ડિસેમ્બરથી રમાશે. તે 35 લોકોની સંભવિત યાદીમાં નામ આપવામાં આવેલ ત્રણ વિકેટકીપરોમાંનો એક છે. અન્વય દ્રવિડ તાજેતરમાં KSCA અંડર-16 ઇન્ટર ઝોનલ ટુર્નામેન્ટમાં રમ્યો છે. આ સિવાય તે ગયા વર્ષે અંડર-14 ટીમનો કેપ્ટન પણ હતો. અન્વય દ્રવિડ તાજેતરમાં KSCA અંડર 16 ઇન્ટર ઝોનલ ટુર્નામેન્ટમાં બેંગલુરુ ઝોન માટે રમતા જોવા મળ્યો હતો. આ દરમિયાન તેણે બેવડી સદી ફટકારી હતી. આવી સ્થિતિમાં, આશા છે કે હવે તેને અંડર-16 વિજય મર્ચન્ટ ટ્રોફીની મુખ્ય ટીમમાં પણ સામેલ કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે પૂર્વ ખેલાડીઓ કુણાલ કપૂર અને આદિત્ય બી સાગર વિજય મર્ચન્ટ ટ્રોફી માટે અંડર-16 ટીમના મુખ્ય કોચ અને બોલિંગ કોચ છે.

જો સમિત દ્રવિડની વાત કરીએ તો તેણે કૂચ બિહાર ટ્રોફીમાં કર્ણાટક તરફથી રમતી વખતે બરોડા સામે સારું પ્રદર્શન કર્યું હતું. જોકે તેની ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

# રોહિત-કોહલીના સમર્થનમાં આવ્યા ગૌતમ ગંભીર હર્ષિત અને નીતીશની પસંદગી પર પણ મૌન તોડ્યું

ભારતીય ક્રિકેટ ટીમને ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં 0-3 થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારને કારણે ભારતીય ટીમ માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચવું એક મોટો પડકાર બની ગયો છે. હવે ભારતીય ટીમને ફાઇનલમાં જગ્યા બનાવવા માટે ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 4-0 થી જીતની જરૂર છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસે જતા પહેલા ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે આજે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. ગંભીરને ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના જવાબ તેણે ખૂબ જ સારી રીતે આપ્યા હતા.




રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં રમશે કે કેમ તે અંગે ગંભીરે કહ્યું કે, રોહિત શર્મા વિશે હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી. આશા છે કે તે ઉપલબ્ધ થશે. સિરીઝ શરૂ થાય તે પહેલાં તમને બધું જ ખબર પડી જશે. જો રોહિત શર્મા ઉપલબ્ધ ન હોય તો કેએલ રાહુલ અને અભિમન્યુ ઈશ્વરન અમારા માટે ઓપનિંગ વિકલ્પ છે. હું તમને પ્લેઈંગ-11 વિશે કહી શકતો નથી, અમે શ્રેષ્ઠ સંયોજન સાથે આગળ વધીશું. બુમરાહ વાઈસ કેપ્ટન છે. તેથી, રોહિતની ગેરહાજરીમાં તે ચોક્કસપણે કેપ્ટન રહેશે.

ગૌતમ ગંભીરે કેએલ વિશે કહ્યું મોટી વાત. ગંભીરે કહ્યુ કે, 'કેએલ રાહુલ ઓપનિંગ કરી શકે છે, તે નંબર 3 પર બેટિંગ કરી શકે છે, તે નંબર 6 પર પણ બેટિંગ કરી શકે છે. આ સારી વાત છે, ઘણા ખેલાડીઓ આવા વિકલ્પો આપી શકતા નથી.

ગંભીર કહે છે, 'હર્ષિત રાણા રણજી ટ્રોફીમાં આસામ સામે રમ્યો હતો. તેણે સારું પ્રદર્શન કર્યું. અમને લાગ્યું કે તેની પાસે બોલિંગનો પૂરતો અનુભવ છે. અમે શ્રેષ્ઠ ટીમ પસંદ કરી છે. હવે આપણે આગળ વધવાનું છે. જ્યારે પણ જરૂર પડશે ત્યારે નીતિશ અમારા માટે કામ કરશે. આપણે બધા જાણીએ છીએ કે નીતીશ રેડ્ડી કેટલા પ્રતિભાશાળી છે. જો તેને તક આપવામાં આવશે તો તે ટીમ માટે સારું પ્રદર્શન કરશે.

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૧૧ નવેમ્બર ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## સિટીલાઈટના અગ્નિકાંડમાં બિલ્ડર અનિલ રૂંગટાને પુછપરછ માટે પોલીસનું સમન્સ

### અમૃતિયા સ્પા એન્ડ સલુન તથા જીમ વાળી મિલ્કત ભૂપત પોપટ પાસેથી વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ અનિલ રૂંગટાએ ખરીદી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સુરત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ પૂજા કોમ્પલેક્ષમાં ૬ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલકની સાપરાધ મનુષ્યવધના એટલે કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ ગુનામાં ધરપકડ કરી હતી. આ ગુનામાં આરોપીઓના રિમાન્ડ અદાલતે રદ કર્યા બાદ તેઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ સાથે આ ગુનાની તપાસ કરી રહેલા ઉમરા પોલીસ મથકના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર પટેલે એક પ્રશ્નના ટેલિફોનિક જવાબ માંજણાવ્યું હતું કે, આ મિલકત ની ખરીદી ભુપત પોપટ પાસેથી અનિલ

અનુસંધાન પાના ૭ પર

### ગઈકાલે પોલીસે ભૂપત પોપટની આકરી પુછતાછ કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સિટીલાઈટ અગ્નિકાંડમાં ગઈકાલે રવિવારના રોજ પોલીસ દ્વારા બિલ્ડર ભૂપત પોપટ (લોહાણા)ની કલાકો સુધી પુછપરછ કરવામાં આવી હતી. ''સુરતના સિટીલાઈટના શિવપુજા કોમ્પલેક્ષમાં સર્જાયેલા અગ્નિકાંડમાં સિક્કીમની બે યુવતીઓના કરૂણ મોત નિપજ્યા હતા. આ ગોજારી ઘટનામાં જીમ તથા સ્પાના સંચાલક સાથે બિલ્ડર ભુપત પોપટ તથા અનિલ રૂંગટાની ગુનાહીત બેદરકારી બહાર આવી છે. ''ગઈકાલે ઉમરા પોલીસે બિલ્ડર ભુપત પોપટની કલાકો સુધી પુછપરછ કરી હતી અને ભુપત પોપટના નિવેદનને પગલે ઉમરા પોલીસે બિલ્ડર અનિલ રૂંગટાને પુછપરછ માટે તેડાવ્યા હોવાનું જાણવા મળે છે.



કોઝવે ભરીમાતા રોડ પર આવેલા ૫૦૦ વર્ષ જૂના પૌરાણીક ભરી પુરી માતાજીના મંદિરમાં આજે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કારતક માસની પૂનમે પાણી, અન્ન બરકત ભરી પુરી માતાજી શ્રધ્ધાલુઓને પ્રદાન કરે છે. ભરી પુરી માતાજી મંદિરે અન્નકૂટ ધરવા સાથે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : હનીફ મલેક)

### સુરતમાં ધીમા પગલે શીયાળો શરૂ તાપમાન બે દિવસમાં બે ડીગ્રી ઘટ્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

શહેરમાં ઠંડીએ હાજરી પુરાવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન લઘુત્તમ તાપમાનના પોરા બે દિવસથી ૨ ડિગ્રીના ઘટાડા સાથે ૨૧ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી ગયો છે. જ્યારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી ઉપર યથાવત રહેતા બપોરથી સાંજના સમયે લોકો ઉકળાટ અને બફારો અનુભવી રહ્યા છે. મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડીની થોડી અસર જોવા મળી રહી છે. ''હવામાન વિભાગ પાસેથી મળતી વિગતો પ્રમાણે આજે બપોરે પણ શહેરનું મહત્તમ તાપમાન ૩૫ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી જતા ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. બીજી તરફ લઘુત્તમ તાપમાનનો પારો બે ડિગ્રી ઘટી જતા મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડીની થોડી અસર જોવા

અનુસંધાન પાના ૭ પર

## વકફની મિલ્કતો અંગે ચોક્કસ ટોળકી દ્વારા રૂપિયા પડાવી લેવાનો કારસો

### દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને કરાયેલી ગંભીર ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સુરત અને નવસારી જીલ્લામાં આવેલ મુસ્લિમ ટ્રસ્ટની મસ્જીદ મદ્રેસા, દારૂલ ઉલુમ, કબ્રસ્તાન તેમજ સ્કુલ અને હોસ્પિટલ સહિતની વકફની અન્ય જમીન મિલ્કતને છેલ્લા ઘણાં દિવસોથી એક ચોક્કસ ટોળકી કથિત સમાજ સેવક મિડીયાના નામે સરકારના વિવિધ વિભાગોમાં સાવ ખોટી ઉપજાવી કાઢેલી ફરિયાદો કરીને ટ્રસ્ટીઓને હેરાન પરેશાન અને માનસિક યાતના આપી યેનકેન પ્રકારે રૂપીયા પડાવવાનો ખેલ કરી રહી હોવાના ગંભીર આક્ષેપો મુસ્લિમ અગ્રણી અસલમ સાયકલવાલા દ્વારા કરવામાં આવ્યા છે. આ બાબતે આજે દ.ગુજરાત મુસ્લિમ સમાજ (સુચિત) દ્વારા મોરચો કાઢી કલેક્ટરને અને રેન્જ આઈજીને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

''વકફ બોર્ડની જમીનો ઉપર ગેરકાયદેસર કબ્જો કરવામાં આવી રહ્યા હોવાના ગંભીર આરોપ કરતા અસલમ સાયકલવાલાએ જણાવ્યું હતું કે, એક ચોક્કસ ટોળકી સમાજ સેવા અને મિડીયાના નામનો દુરૂપયોગ કરીને સુરત અને નવસારી જીલ્લામાં આવેલી મદરસા, દારૂલ ઉલુમ, કબ્રસ્તાન, તેમજ શાળા હોસ્પિટલ સહિતની મિલ્કતો બાબતે ખોટી ફરીયાદો કરીને ટ્રસ્ટીઓને હેરાન કરી રહી હોય આ અંગે આજે કલેક્ટર અને રેન્જ આઈજીને આવેદન પત્ર આપી વકફની મિલ્કતને ખોટી રીતે ટાર્ગેટ કરીને યેનકેન પ્રકારે રૂપીયા પડાવવાનો કારસો રચનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

## એલ એચ રોડ પર કરીયાણા અને ટેલરની દુકાનમાં આગ

### હિરાનગરની સોસાયટીની બે દુકાનોમાં સવારે આગ લાગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

વરાછા લંબે હનુમાન રોડ ત્રીકમ નગર પાસે આવેલ બે દુકાનોમાં આગ લાગતા બંને દુકાનો ની ચીજ વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, વરાછા લંબે હનુમાન રોડ ત્રીકમનગર બે ની સામે હીરાનગર સોસાયટી આવેલી છે. આ સોસાયટીમાં એક કરિયાણાની દુકાન આવેલી છે. આ દુકાનના માલિક અર્પિત જૈન છે. કરિયાણાની દુકાનની બાજુમાં એક ટેલરની દુકાન આવેલી છે. આ દુકાનના જીતેન્દ્રભાઈ વરખડા માલિક છે. આજે સવારે ૭:૩૦ વાગ્યાના અરસામાં કોઈક કારણોસર આગ લાગી હતી. આ આગની જ્વાળાઓ બાજુમાં આવેલી ટેલરિંગની દુકાનને પણ લપેટામાં લીધી હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા કાપોદ્રા અને કતારગામ ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી જ્યાં તેઓએ બંને દુકાનમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આજને કારણે કરિયાણા ની દુકાન માં રહેલો તથા ટેલરિંગની દુકાનમાં રહેલા કપડા અને સિલાઈ મશીન બળીને રાખ થઈ ગયા હતા.

## બાળકીના અપહરણના પ્રયાસ અંગે પોલીસે ગુનો દાખલ કર્યો

### સીસી કેમેરામાં દેખાતા આરોપીને શોધતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

નાનપુરા વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ઘરમાં સુતેલી ૫ વર્ષિય માસુમ બાળકીને ઉંઘમાંથી ઉઠાવી જઈ એક અજાણ્યો યુવાન ગલીમાંથી ભાગવા જતા પટકાતા બાળકી ગંભીર ગુનાનો ભોગ બનતી બચી ગઈ હતી. બાળકીને લઈ યુવક ભાગવા જતા પટકાયો હતો અને બાળકી રડવા લાગતા તેણીને શારીરિક અડપલા કરી યુવાન ફરાર થઈ ગયો હતો. આ મામલે અઠવાલાઈન્સ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજમાં દેખાતા અજાણ્યા યુવકની શોધ-ખોળ શરૂ કરી છે. ''અઠવાલાઈન્સ પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર નાનપુરા વિસ્તારમાં ૧૦ નવેમ્બરની રાત્રિના સવા બારથી ૧ વાગ્યાના ગાળામાં ૫ વર્ષિય બાળકી ઘરમાં સુતી હતી ત્યારે એક અજાણ્યો ૪૦ થી ૪૫ વર્ષિય યુવાન ઘરમાં પ્રવેશી ગયો હતો અને બાળકીનું અપહરણ કરીને ભાગવા લાગ્યો હતો જોકે ગલીમાંથી ભાગવા જતા આ યુવાન પટકાયો હતો બાળકી રડવા લાગતા સ્થાનિકો જાગી ગયા હોય આરોપીએ બાળકીને શારીરિક અડપલા કર્યા હતા અને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વ્હાઈટ શર્ટ પહેરેલો અજાણ્યો ઈસમ ગલીમાંથી ભાગતો નજરે પડ્યો હોય સીસીટીવી

અનુસંધાન પાના ૭ પર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે





રાજ્ય સરકાર દ્વારા ખરીફ-૨૦૨૪ અંતર્ગત ખેડૂતો પાસેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની લઘુત્તમ ટેકાના ભાવે સીધી ખરીદીનો શુભારંભ

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ અંતર્ગત ટેકાના ભાવે ખરીદી નિમિત્તે

માનનીય મુખ્યમંત્રી

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની

અધ્યક્ષતામાં સમગ્ર રાજ્યમાં શરૂઆત થશે

ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી રાઘવજીભાઈ પટેલ
માન.મંત્રી કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ - ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ
શ્રી બચુભાઈ ખાબડ
માન.(રા.ક.) મંત્રી પંચાયત, કૃષિ - ગુજરાત





તારીખ: ૧૧-૧૧-૨૦૨૪, સોમવાર, સમય: સવારે ૯-૩૦ વાગે
કાર્યક્રમનું સ્થળ : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કાંકણોલ, હિંમતનગર

ટેકાના ભાવ

મગફળી માટે ₹૧૩૫૬.૬૦ પ્રતિ મણ

મગ માટે ₹૧૭૩૬.૪૦ પ્રતિ મણ

અડદ માટે ₹૧૪૮૦ પ્રતિ મણ તથા સોયાબીન માટે ₹૯૭૮.૪૦ પ્રતિ મણ





લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીનો સમયગાળો

તા.૧૧.૧૧.૨૦૨૪ થી તા.૦૮-૦૨-૨૦૨૫ સુધી (૯૦ દિવસ)

- રાજ્યમાં ૧૬૦ ખરીદ કેન્દ્રો ખાતેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી તા.૧૧.૧૧.૨૦૨૪ થી શરૂ
- રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ₹૭૬૪૫ કરોડ મૂલ્યની કુલ ૧૧,૨૭,૦૦૦ મે.ટન મગફળીની ખરીદી કરાશે
- ₹૪૫૧ કરોડ મૂલ્યની ૯૨,૦૦૦ મે.ટન સોયાબીનની ખરીદી કરાશે
- ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીના નાણાં સમયસર મળશે
- ખેડૂતોએ SMS મળ્યેથી નિયત કરેલ ખરીદ કેન્દ્ર પર ફેર એવરેજ ક્વૉલિટી મુજબની ગુણવત્તાયુક્ત ઉત્પાદન સાથે ઉપસ્થિત થવાનું રહેશે
- ખેડૂતોને બજારમાં સસ્તાભાવે મગફળી વેચવાની ફરજ નહીં પડે
- છેલ્લા પાંચ વર્ષમાં અભૂતપૂર્વ ₹૧૬ હજાર કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી
- વચેટીયા દ્વારા થતાં શોષણમાંથી ખેડૂતોને મુક્તિ
- છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ લાખ ખેડૂતો પાસેથી ૩૦ લાખ મે.ટનથી વધુ જથ્થાની ખેત પેદાશની ખરીદી
- ખેડૂતોના પરિશ્રમથી ઊભા થયેલ મહામૂલા પાકને મળ્યા પોષણક્ષમ ભાવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય